FRIDAY
૧૨-૦૩-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, મહા વદ ૧૪
અંક : ૧૩૩
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### અત્યાર સુધી પેટ્રાલીયમના ટેક્સ ભરવાથી રાજ્યો ભાગી રહ્યા હતા ત્યારે મહારાષ્ટ્ર અને દિલ્હી સરકારે સૌપ્રથમ તૈયારી બતાવી

# પેટ્રોલના ભાવ ઘટશે?? દિલ્હી-મહારાષ્ટ્રમાં જીએસટી લાગૂ કરાશે

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૧

પેટ્રોલ અને ડીઝલના ભાવ ભલે ૧૨ દિવસથી વધ્યા ન હોય પરંતુ સામાન્ય માણસને રોજ ભારે કિંમત ચૂકવવી પડી રહી છે. નાણા પ્રધાન નિર્મલા સીતારામન, આરબીઆઈના ગવર્નર શક્તિકાંત દાસથી લઈને પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાન સુધી બધાએ તેલના વધતા ભાવ અંગે ચિંતા વ્યક્ત કરી છે, પરંતુ કંઈ નક્કર પરિણામ આવ્યું નથી.

નાણામંત્રી નિર્મલા સીતારામને પણ સૂચન આપ્યું છે કે પેટ્રોલિયમ પેદાશોને જીએસટીના દાયરામાં લાવવી જોઈએ અને આ અંગે જીએસટી કાઉન્સિલમાં ચર્ચા થવી જોઈએ, જ્યાં કેન્દ્ર અને તમામ રાજ્યોના પ્રતિનિધિઓ હાજર હોય. આ દરમિયાન સમાચાર સામે આવ્યા છે કે દિલ્હી અને મુંબઈ સંમત થયા છે કે પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવા જોઈએ. સંભવતઃ આ પહેલી વાર છે કે જે રાજ્યો મહેસુલમાં થયેલા નુકસાનને કારણે અત્યાર સુધી આ પગલું ભરવાથી બચી રહ્યા હતા, તે હવે આગળ આવીને જાતે જ અમલ કરવાની વાત કરી રહ્યા છે.








દિલ્હીના ગૃહ પ્રધાન સત્યેન્દ્ર જૈને એસેમ્બલીમાં કહ્યું હતું કે, મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવાની માંગ કરી છે. ખરેખર, દિલ્હી વિધાનસભાના વિપક્ષી નેતા રામવીરસિંહ બિધૂડીએ ચર્ચા દરમિયાન કહ્યું હતું કે, જો પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવામાં આવશે, તો કિંમતોમાં ૨૫ રૂપિયા ઘટાડો થશે. આ અંગે સત્યેન્દ્ર જૈને કહ્યું કે તમે એક પ્રતિનિધિ મંડળ લઈને કેન્દ્ર સરકારને મળો, અમારા બધા ધારાસભ્યો તમારી સાથે ચાલશે. આ પગલાથી દિલ્હીની સાથે સાથે આખા દેશને ફાયદો થશે. આ પહેલા ચર્ચા દરમિયાન બિધૂડીએ આરોપ લગાવ્યો હતો કે આમ આદમી પાર્ટીની સરકારના ઉંચા વેટને કારણે દિલ્હીમાં પેટ્રોલ અને ડીઝલ મોંઘા છે.

દિલ્હીની સાથે મહારાષ્ટ્રએ પણ પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવાની માંગ કરી છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે જણાવ્યું હતું કે, જો પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવામાં આવે તો કેન્દ્ર તેમજ રાજ્ય સરકારોને ફાયદો થશે. તેમણે ખાતરી આપી હતી કે જો કેન્દ્ર સરકાર આ કરે તો મહારાષ્ટ્ર સરકાર આ નિર્ણયને સમર્થન આપશે.

મજાની વાત તો એ છે કે કેન્દ્રથી લઈને રાજ્ય સરકારો માત્ર પેટ્રોલ અને ડીઝલ અંગે નિવેદનો આપી રહી છે, હજી સુધી કોઈએ સત્તાવાર દરખાસ્ત આપી નથી. રાજ્યસભામાં એક લેખિત જવાબમાં નાણાં રાજ્ય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું છે કે સરકાર પાસે હજુ સુધી આવી કોઈ દરખાસ્ત આવી નથી. તેમણે કહ્યું કે પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવા માટે જીએસટી કાઉન્સિલનો પ્રસ્તાવ જરૂરી છે, પરંતુ હજી સુધી આવુ થયુ નથી.

## આગ્રામાં સ્કોર્પિયો-ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત આઠ લોકોના મોત, ત્રણની હાલત ગંભીર

(જી.એન.એસ.)આગ્રા,તા.૧૧

ઉત્તર પ્રદેશનાં આગ્રામાં નેશનલ હાઈવે-૧૯ પર ગુરુવારે વહેલી સવારે એક મોટો અકસ્માત થયો હતો. એત્મદપુરથી આવતી સ્કોર્પિયો ડિવાઈડર પર ચઢીને ખોટી બાજુ આવી ગઈ અને કન્ટેનર સાથે જોરદાર ટક્કર થઈ ગઈ. આ દુઃખદ અકસ્માતમાં ૮ લોકોનાં મોત નીપજ્યાં હોવાનુ સામે આવી રહ્યુ છે. જ્યારે ત્રણને ગંભીર હાલતમાં એસ. એન. ઈમરજન્સીમાં દાખલ કરાયા છે. અકસ્માત બાદ હાઈવે જામ થઈ ગયો છે.



કહેવામાં આવી રહ્યું છે કે, આ અકસ્માત સવારે ૫.૧૫ વાગ્યે થયો હતો. એત્માદપુર તરફથી આવી રહેલી સ્કોર્પિયો કાર અચાનક ડિવાઈડર પર બેકાબૂ થઈને રોંગ સાઈડ પર પહોંચી હતી. તે દરમિયાન કન્ટેનર રામબાગ તરફથી આવી ગયુ અને તે બંને વચ્ચે જબરદસ્ત ટક્કર થઈ હતી. સ્કોર્પિયોને ટક્કર મારતાં ડ્રાઈવર અને ક્લિનર કન્ટેનર છોડીને ત્યાંથી નાસી ગયા હતા. આ ટક્કર કેટલી ભયાનક હશે તેનો અંદાજ તે પરથી લગાવી શકાય કે તેનો અવાજ કિલોમીટર દૂર સુધી સંભળાયો હતો. આ અકસ્માતમાં સ્કોર્પિયોને ભારે નુકસાન થયું હતું અને તેમાં સવાર લોકો ફસાઈ ગયા હતા. લોકો સ્કોર્પિયોમાં ફસાયેલા ચાર ઘાયલ લોકોને એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં લઈ ગયા હતા. પોલીસ ઘટના સ્થળે પહોંચ્યા બાદ સ્કોર્પિયોની બોડી તોડીને અન્ય લોકોને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો.

## ઈન્ડોનેશીયાના જાવા આઈસલેન્ડમાં બસ દુર્ઘટના બસ ખીણમાં પડતા ૨૭ લોકોના મોત, ૩૯ ઘાયલ

(જી.એન.એસ.)જાકાર્તા,તા.૧૧

ઈન્ડોનેશિયાના જાવા આઈસલેન્ડમાં ટૂરિસ્ટોથી ભરેલી બસ ખીણમાં ખાબકવાથી ૨૭ લોકોનાં મોત થયા છે. દુર્ઘટનામાં ૩૯ અન્ય લોકો ઘાયલ થયા છે. મૃત્યુ પામનારાઓમાં બસ-ડ્રાઈવર પણ સામેલ છે. આ તમામ તીર્થયાત્રીઓ હોવાનું કહેવાઈ રહ્યું છે. તમામ ઘાયલોને અને મૃતકોને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. પોલીસે આ માહિતી ગુરુવારે આપી છે.



સ્થાનિક પોલીસ અધિકારી પ્રાસેત્યો રિબ્બિયાંતોએ જણાવ્યું હતું કે દુર્ઘટના બુધવારે એવા સમયે થઈ કે જ્યારે બસ પશ્ચિમ જાવાના સુબાંગ શહેરથી ઈસ્લામિક જુનિયર હાઈસ્કૂલના સ્ટુડન્ટ્સ, ટીચર અને પેરન્ટ્સને તાસિકામલય જિલ્લામાં આવેલા એક તીર્થસ્થળ પર લઈને જઈ રહી હતી. સુમેદાંગ જિલ્લામાં ઘણા ઢાળ હોવાને કારણે ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી કન્ટ્રોલ ગુમાવી દીધો હતા. એને કારણે બસ ૨૦ મીટર ઊંડી ખાડીમાં પડી હતી.

પોલીસ અધિકારી રિબ્બિયાંતોના જણાવ્યા અનુસાર, પોલીસ દુર્ઘટનાનું કારણ શોધવાની કોશિશ કરી રહી છે. ઈજાગ્રસ્ત થયેલા લોકોએ જણાવ્યું હતું કે ગાડીની બ્રેક ફેલ થઈ હતી. રેસ્ક્યૂ એજન્સીના ચીફ રિદવાંસાહે જણાવ્યું હતું કે ઘાયલોને હોસ્પિટલ અને એક નજીકના ક્લિનિકમાં દાખલ કરવામાં આવ્યા, તેમાંથી ૧૩ લોકોની સ્થિતિ ગંભીર છે.




## યુટ્યૂબરો પર ગૂગલની પકડ : જૂનથી પ્રતિ માસ ૨૪થી ૩૦% ટેક્સ લાગશે

(જી.એન.એસ.)સાન ફ્રાન્સિસ્કો,તા.૧૧

વિશ્વની દિગ્ગજ ટેક કંપની ગૂગલે હવે યુ-ટ્યુબ કન્ટેન્ટ દ્વારા કમાણી કરનારા લોકોને સકંજામાં લીધા છે. ગૂગલે જાહેરાત કરી છે કે, જૂન મહિનાથી તે ભારત સહિત વિશ્વના અન્ય દેશોમાં યુ-ટ્યુબ કન્ટેન્ટ બનાવનારાઓ પાસેથી પ્રતિ માસ ૨૪થી ૩૦ ટકાનો ટેક્સ વસૂલશે. આ ટેક્સ અમેરિકનો દ્વારા જોવામાં આવતી યુ-ટ્યુબ સામગ્રીથી જે આવક થાય તેના પર લેવામાં આવશે.

ગૂગલે ઈ-મેઈલ દ્વારા ચેતવણી આપી છે કે, યુ-ટ્યુબ ક્રીએટર્સ ૩૧ મે, ૨૦૨૧ સુધીમાં પોતાની ટેક્સ સંબંધી જાણકારીઓ નહીં આપે તો કન્ટેન્ટ દ્વારા થતી કુલ આવકમાંથી ૨૪ ટકા ટેક્સ તરીકે કપાઈ જશે. નવા નિયમ પ્રમાણે યુ-ટ્યુબ દ્વારા કમાણી કરનારાઓ પાસેથી દર મહિને ટેક્સની રકમ કાપવામાં આવશે.

યુ-ટ્યુબર્સની આવકમાંથી ટેક્સની કપાત કેટલાક પરિબળો પર નિર્ભર રહેશે. અમેરિકાથી બહારના ક્રિએટર્સ પોતાની ટેક્સ સંબંધી જાણકારી આપશે તો અમેરિકનો દ્વારા જોવામાં આવતા કન્ટેન્ટ પર ૦થી ૩૦ ટકાનો ટેક્સ લાગી શકે છે. આ સંજોગોમાં જો તમે એવું કન્ટેન્ટ તૈયાર કરી રહ્યા છો જેને જોનારા સૌથી વધુ લોકો અમેરિકાના હોય તો ટેક્સ કાપ માટે તૈયાર થઈ જાઓ. અમેરિકી સરકાર અને સંબંધિત યુટ્યુબરના દેશની સરકાર વચ્ચે જો કોઈ ટેક્સ રાહત સંબંધી સંધિ હશે તો તેનો લાભ મળશે અને ઓછો ટેક્સ આપવો પડશે.

## દેશમાં કોરોના બેકાબૂ : એક જ દિવસમાં ૨૨૦૦૦ કેસ નોંધાયા

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૧

દેશમાં કોરોનાએ ફરીથી ઉથલો માર્યો છે. કોરોના વાયરસના ફરીથી સતત વધતા કેસે ચિંતા વધારી દીધી છે. જો આપણે ફેબ્રુઆરી મહિના સાથે તુલના કરીએ તો માર્ચમાં કોરોનાના કેસ ડબલ થઈ ગયા છે. ફેબ્રુઆરીમાં ત્રણ થી ચાર દિવસ દરરોજ ૧૧ થી ૧૨ હજાર કેસ સામે આવી રહ્યા હતા તો ગુરૂવારના રિપોર્ટ પ્રમાણે કોરોના સંક્રમણના એક જ દિવસમાં ૨૨૦૦૦થી વધુ નવા કેસ સામે આવ્યા. અંદાજે અઢી મહિના બાદ દેશમાં કોરોનાના ૨૨ હજાર નવા કેસ સામે આવ્યા છે. તો આ સતત ૮મો દિવસ એવો છે જ્યારે એક દિવસમાં કોરોનાના ૧૫૦૦૦થી વધુ નવા કેસ સામે આવ્યા છે.

દેશમાં એક દિવસમાં કોવિડ-૧૯ના ૨૨૮૫૪ નવા કેસ સામે આવ્યા બાદ દેશમાં સંક્રમણના કેસ વધીને ૧,૧૨,૮૫,૫૬૧ થઈ ગયા. તો ૧૨૬ લોકોના મોત બાદ મૃતકોની સંખ્યા વધીને ૧,૫૮,૧૮૯ થઈ ગઈ છે. દેશમાં અત્યારે ૧,૮૯,૨૨૬ લોકો કોરોના વાયરસ સંક્રમણની સારવાર ચાલી રહી છે અને ૧,૦૯,૩૮,૧૪૬ લોકો સંક્રમણ મુક્ત થઈ ચૂકયા છે. તો દિલ્હીમાં લગભગ બે મહિના બાદ કોરોના વાયરસ સંક્રમણના સૌથી વધુ ૩૭૦ નવા કેસ સામે આવ્યા.

મુંબઈમાં એક વખત ફરીથી કોરોના વાયરસ ઝડપથી પગ પેસારો કરી રહ્યું છે. મુંબઈમાં ૪ મહિના બાદ કોરોનાના નવા કેસ ૧૧૦૦થી વધુ મળી રહ્યા છે. માર્ચના શરૂઆતના સપ્તાહથી કોરોનાના નવા કેસ ૧૦૦૦થી વધુ મળી રહ્યા છે.

## એન્ટીલીયા કાર કેસ : ટેલીગ્રામ દ્વારા થયેલ ષડયંત્રનું કેન્દ્ર દિલ્હીની તિહાર જેલ

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૧

ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના મુંબઈ સ્થિત નિવાસ સ્થાન એન્ટીલિયા બહાર વિસ્ફટોક ભરેલી કાર પાર્ક કરવાના કેસમાં હવે નવો વળાંક આવ્યો છે. આ ષડયંત્રના તાર છેક દિલ્હીની તિહાર જેલ સુધી જોડાયેલા હોવાનું જણાય છે. અંબાણીના ઘર બહાર સંદિગ્ધ કાર પાર્ક કરવાની જવાબદારી જૈશ ઉલ હિંદે લીધી હતી. આ માટે જે ટેલિગ્રામ ચેનલનો ઉપયોગ કર્યો હતો તેનું લોકેશન દિલ્હીમાં તિહાર જેલની આસપાસ હોવાનું માલૂમ પડ્યું છે.



એક અહેવાલ મુજબ આ સમગ્ર કેસની તપાસ કરી રહેલી એજન્સીએ એક ખાનગી સાયબર કંપની પાસેથી ફોનનું લોકેશન જાણ્યું હતું. આ મોબાઈલ ફોનની મદદથી ટેલિગ્રામ ચેનલ બનાવવામાં આવી હતી અને બાદમાં વિસ્ફોટક સાથેની કાર પાર્ક કરવાની સ્પષ્ટતા કરતો મેસેજ પણ કરવામાં આવ્યો હતો. અંબાણી પરિવારના ઘર બહાર કાર પાર્ક કરવામાં ઉપયોગમાં લેવાયેલા ફોનનું લોકેશન કોણે ટ્રેક કર્યું તે એજન્સીનું નામ જાહેર નથી કરવામાં આવ્યું પરંતુ કેન્દ્રીય તપાસ સંસ્થાએ તેનો રિપોર્ટ દિલ્હી પોલીસના સ્પેશ્યલ સેલને પણ આપ્યું છે.

સાયબર કંપનીએ પોતાના રિપોર્ટમાં જણાવ્યું કે મેસેજ મોકલવા માટે ટેલિગ્રામ ચેનલ TOR નેટવર્કના માધ્યમથી બનાવવામાં આવી હતી.

## ચીન ગમે ત્યારે તાઈવાન માટે હૂમલો કરી શકે છે : અમેરિકા

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૧૧

ચીનને લઈ યુએસ કોંગ્રેસમાં અમેરિકન સેનાના એક ટોપ કમાન્ડરના નિવેદન બાદથી ખળભળાટ મચી ગયો છે. પેંટાગનના એક ટોચના કમાન્ડરે બુધવારના રોજ અમેરિકન સાંસદોમાં કહ્યું કે ચીન ૨૧મી સદીમાં સૌથી મોટો લાંબાગાળાનો વ્યૂહાત્મક ખતરો છે. તેમણે એ પણ દાવો કર્યો કે આવતા ૫ થી ૬ વર્ષમાં ચીન ગમે ત્યારે તાઈવાન પર કબ્જો કરવા માટે હુમલો કરી શકે છે. ચીનને રોકવામાં નહીં આવે તો તેઓ ભવિષ્યમાં આખી દુનિયા માટે ખતરો બની શકે છે.

# ઉનાના સીમર પે.સેન્ટર શાળાના આચાર્યએ રૂ.૨૭.૩૫ લાખની સરકારી નાણાંની ઉચાપત કર્યાની ફરીયાદ નોંધાય



ચક્રવાત ટીમ ઉના, તા.૧૧

ઉના તાલુકાના સીમર ગામે આવેલ પે.સેન્ટર શાળાના આચાર્યએ એક વર્ષની સરકાર તરફથી અલગ અલગ પેટા શાળાઓ માટે મળતી ગ્રાન્ટ માંથી રૂ.૨૭ લાખથી વધુની નાણાકીય ઉચાપત કરી મોટાપાયે ગેરરીતી આચરી વિશ્વાસઘાત કર્યાની ગીરગઢડા તાલુકા શિક્ષણ અધિકારી જયેશભાઇ અનીલભાઇ રાઠોડે નવાબંદર મરીન પોલીસમાં ફરીયાદ નોધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરેલ છે.

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ સીમર પે. સેન્ટર શાળાના આચાર્ય રાજેન્દ્ર એ રાજપુત તેમની અંતર્ગત આવતી અન્ય પેટા શાળાના આચાર્યના ખાતામાં કન્ટીજન્સી અને સ્વચ્છતા સંકુલ અંગે ગ્રાન્ટ ચુકવેલ ન હોય તેવી રજુઆત સ્થાનિક શિક્ષણ વિભાગને મળતા તે અનુસંધાને તાલુકા પ્રા. શિક્ષણાધિકારી જયેશભાઇ ગોસ્વામી, કે.ની ભુપતભાઇ મેવાડા, બી.આર.સી દેવેન્દ્રભાઇ દેવમુરારી તા. ૧ જાન્યુ.ના સીમર શાળાની મુલાકાત લઇ તપાસ હાથ ધરી હતી. અને રેકર્ડ માંગતા આચાર્ય તરીકે ફરજ બજાવતા રાજેન્દ્ર રાજપુતે તા.૧૫ ફેબ્રુ. ૨૦૧૯ થી તા.૨૬ ડિસે. ૨૦૨૦ સુધી પોતાની ફરજ દરમ્યાન સરકાર તરફથી શાળાઓ માટે મળતી અલગ અલગ ગ્રાન્ટ જેમાં આચાર્ય સીમર પે.સેન્ટર શાળાના ખાતા માંથી રૂ.૨૪,૪૭,૯૩૩, એસએમસી સીમર પે.સેન્ટર શાળાના ખાતા માંથી રૂ.૨,૭૪,૭૬૯ તથા એસ. એમ.સી એજ્યુકેશન સીમરના ખાતામાંથી રૂ.૧૩,૦૦૦ મળી કુલ રૂ.૨૭,૩૫,૭૦૨ નો ખર્ચ કરેલ હોય અને આ ખર્ચ બાબતે તપાસનીસ અધિકારીઓએ આધાર પુરાવા માંગતા કૈભાંડીયા આચાર્ય રાજેન્દ્ર રાજપુતે કોઇ આધાર પુરાવા રજુ ન કરતા તપાસનીસ અધિકારીએ સીમર એસ.બી.આઇ બેંન્કમાં રૂબરૂ જઇ સીમર પે.સેન્ટર શાળાના ખાતાનું સ્ટેટ મેન્ટ કઢાવતા અધિકારીઓ પણ ચોકી ઉઠ્યા હતા. અને બેંક સ્ટેટમેન્ટ પર નજર કરતા આચાર્ય દ્વારા આટલી મોટી રકમની ઉચાપત કર્યાનું સામે આવ્યુ હતું. રીપોર્ટ તાલુકા શિક્ષણ અધિકારીઓએ જીલ્લા શિક્ષણ અધિકારીને કરતા તાત્કાલીક તા.૫ જાન્યુ ૨૦૨૧ ના કૈભાંડીયા આચાર્ય રાજેન્દ્ર રાજપુતને ફરજ મોકુફ કરી તાલાળા તાલુકાના રમળેચી પ્રા.શાળામાં મુકવામાં આવેલ ત્યાર બાદ જીલ્લા શિક્ષણ અધિકારી ડો.એચ કે વાજાએ આ કૈભાંડીયા આચાર્ય સામે ફરીયાદ કરવા ગીરગઢડા શિક્ષણ અધિકારીને ફરીયાદ કરવા આદેશ કરતા આચાર્ય વિરૂધ્ધ નવાબંદર મરીન પોલીસમાં ફરીયાદ દાખલ થતા શિક્ષણ વિભાગમાં ખડભળાટ મચી જવા પામેલ છે.

# પોરબંદરમાં આજે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન

ચક્રવાત ટીમ પોરબંદર, તા.૧૧

પોરબંદરમાં આજે તા.૧૨ માર્ચ શુક્રવારના ના રોજ સવારે ૦૮.૩૦ કલાકેથી કૃષિ, ગ્રામ વિકાસ અને વાહન વ્યવહાર મંત્રી આર.સી. ફળદુના અધ્યક્ષસ્થાને આઝાદીનો અમૃત મહોત્સવ કાર્યક્રમ દેશની આઝાદી ના ૭૫ વર્ષના ઉપલક્ષમા યોજાશે. આ પ્રસંગે કીર્તિ મંદિરથી ચોપાટી સુધી જુદા જુદા રૂટ પર પદયાત્રા અને સાયકલ યાત્રાનું પણ આયોજન કરાયું છે.

કીર્તિમંદિર ખાતે મંત્રીશ્રી આર.સી.ફળદુ તથા મહાનુભાવો સવારે ૦૮.૩૦ કલાકે ગાંધીજી અને કસ્તુબાની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરીને કીર્તિમંદિરથી ચોપાટી સુધી યોજાનાર પદયાત્રા અને સાયકલ યાત્રાનો શુભારંભ કરાવશે. આ યાત્રા શહેરના અલગ અલગ રૂટ પરથી નિકળી ચોપાટી ખાતે પહોચશે, જેમાં પદયાત્રા કીર્તિ મંદિરથી માણેકચોક થઇ ચોપાટી ગ્રાઉન્ડ તથા સાયકલ રેલી



કીર્તિ મંદિરથી શિતલાચોક, રેલ્વે સ્ટેશન થઇ ચોપાટી પહોચશે. સવારે ૯ કલાકે સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગાંધી સ્મૃતિ ભવન પાછળ ચોપાટી ખાતે મંત્રી તેમજ તથા મહાનુભાવો સફાઇ અભિયાનમા જોડાશે. તથા સરકીટ હાઉસ પાછળ ચોપાટી પાસે સવારે ૯:૩૦ કલાકે વૃક્ષારોપણ કરશે. સવારે ૧૦ કલાકથી ચોપાટી ગ્રાઉન્ડ, હોટલ તોરણની બાજુમાં મુખ્ય કાર્યક્રમ યોજાશે. જેમાં મહાત્મા ગાંધીને પ્રિય ભજન અને ધુન સાથે કાર્યક્રમનો પ્રારંભ થશે. મંત્રી ફળદુ તથા ધારાસભ્ય બાબુભાઇ બોખીરીયા વકતવ્ય આપશે તથા વડાપ્રધાનના વકતવ્યનું જીવંત પ્રસારણ કરાશે. તથા સાંસ્કૃતિક કાર્યક્રમનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. ત્યારબાદ ગ્રામહાટ ખાતે મંત્રી ઓર્ગેનિક ફુડ બજારનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે વિદ્યાર્થીઓ તથા સ્થાનિક કલાકારો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાશે. કાર્યક્રમમાં પોરબંદર કલેકટર ડી.એન. મોદી, જિલ્લા વિકાસ અધિકારી વી.કે.અડવાણી સહિત અધિકારીઓ પદાધિકારીઓ, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધીઓ તથા બહોળી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહેશે. પોરબંદર મહાત્મા ગાંધીનું જન્મસ્થળ હોય આવતીકાલના કાર્યક્રમને લઈને ગાંધીજન્મભૂમિ પોરબંદર જિલ્લાના લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# મહિસાગરના પનોતા પુત્રને બચાવા માટે યુવાનોએ 'ધૈયરાજસિંહને મદદ કરો'ના સંદેશ સાથેની પહેલ શરૂ કરી

ચક્રવાત ટીમ મહિસાગર, તા.૧૧

મહિસાગર જીલ્લાના કાનેસરના વતની રાજદીપસિંહ રાઠોડના ૩ માસના પુત્ર ધૈયરાજસિંહને હજારો બાળકોની વચ્ચે જોવા મળતી સ્પાઈનલ મસ્ક્યુલર એટોફી નામની બિમારી છે. આ બિમારી લડવા સામેના ઉપયોગનુ ઈન્જેકશન અમેરિકાથી મંગાવુ પડે છે. હાલ તેમનો પરિવાર મદદથી ગુહાર પણ લગાવી રહ્યો છે. સોશિયલ મીડીયા પર પણ ધૈયરાજની મદદ માટે સોશિયલ મીડીયામાં કેન્પેઇન ચાલી રહ્યુ છે. ત્યારે મહિસાગર જીલ્લાના યુવાનો પણ આ માસુમ બાળકના પરિવારને આર્થિક મદદ મળી રહે તે માટે સહભાગી બન્યા છે. મહિસાગર જીલ્લાના યુવાનોએ પોતાના



સામાજીક જવાબદારી નિભાવતા યુવાનો આગળ આવ્યા છે.

પંચમહાલ જીલ્લાના શહેરા તાલૂકાના પાલીખંડા ગામે મરડેશ્વર મહાદેવ મંદિર ખાતે યુવાનોએ ધૈયરાજસિંહને મદદ કરોના સંદેશ સાથે શિવરાત્રીમાં દર્શનાથે આવેલા શિવભકતોને યથાશકિત પ્રમાણે દાન કરવા અપીલ કરી હતી. દર્શનાથે આવેલા લોકોએ પણ ધૈયરાજસિંહની મદદ માટેની દાન પેટીમાં યથાશક્તિ પ્રમાણે દાન કર્યુ હતુ. મહિસાગરના વિવિધ શિવાલયો ખાતે પણ યુવાનોની ટીમે ધૈયરાજસિંહ માટે આ રીતનુ કેમ્પેઇન ચલાવ્યુ હતુ. દર્શનાથે આવેલા લોકોએ પણ ધૈયરાજ માટે ફુલ નહી તો ફુલની પાંખડી પ્રમાણે યથાયોગ્ય દાન કર્યુ હતુ.

# ઉનાના નાથળ ગામે દેશી દારૂની ૩૨ ભઠ્ઠી બંધ કરવા ઉપસરપંચની માંગ

ચક્રવાત ટીમ ઉના, તા.૧૧

ઉનાના નાથળ ગામે છેલ્લા ઘણા સમયથી અલગ અલગ વિસ્તારોમાં દેશી દારૂની ૩૨ ભઠ્ઠીઓ અને ખુલ્લે આમ દારૂનું વેચાણ થઈ રહ્યુ હોય જેના કારણે ગામના ઘણા લોકો ૨૦ થી ૩૦ વર્ષની નાની વયે દારૂના સેવનથી ચામડી, લીવર, કેન્સર જેવા રોગોથી હાલ પીડાય છે. અને મૃત્યુ પણ પામ્યા છે.

તેમના નાના બાળકોનું પણ ભણતર અને મજુરી કરી ગુજરાન ચલાવતી મહીલા અને પરીવારની આર્થિક સ્થિતી ખરાબ થતી હોય છે. અને સુરત અમદાવાદ જેવા શહેરોમાં થયેલ લઠ્ઠાકાંડ જેવી નાથળ ગામમાં આ દેશી દારૂના કારણે લઠ્ઠાકાંડ થાય તો જવાબદાર કોણ ?

દેશી દારૂની ભઠ્ઠી પકડાય તો કોઇપણ જાતની કાર્યવાહી કે તપાસ કર્યા વગર જામીન આપી છોડી દેવામાં આવતા હોય અને આ દારૂનું વેચાણ કરવવાળા ખેલ્લે આમ કહે છે કે અમે હપ્તા આપીએ છીએ ત્યારે આવા ગે.કા.ધંધા કરનારના મોબાઈલ ડિટેઈલ કાઢવામાં આવે તો હપ્તા કોને કેટલા આપવામાં આવે છે તેની હકીકત બહાર આવે તેમ હોય આ બાબતે નાથળ ગ્રામ પંચાયતના ઉપસરપંચ કાનાભાઈ પાંચાભાઇ વંશએ ગીરસોમનાથ જીલ્લા એસ પીને લેખિત રજુઆત કરી તાત્કાલીક ગે.કા. દેશી નું વેચાણ અને ભઠ્ઠીઓ બંધ કરાવવા માંગણી કરી છે. અને અગામી દિવસોમાં કાર્યવાહી કરવામાં નહી આવે તો ગાંધિચીંધ્યા માર્ગે જનતા રેઈડ અને આંદોલન કરવાની ચિમકી પણ આપી હતી.

# કોડીનાર તાલુકાની માઢવાડ ગામની સરકારી પ્રાથમિક શાળાની અનેકવિધ સિદ્ધિઓ

ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૧૧

ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના માઢવાડ ગામની સરકારી પ્રાથમિક શાળામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિન ઉજવવામાં આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી સમગ્ર વિશ્વમાં કરવામાં આવી છે ત્યારે કોડીનાર તાલુકાના છેવાડે આવેલ માઢવાડ ગામની સરકારી પ્રાથમિક શાળામાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના સહયોગ થી આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં રાણી લક્ષ્મીબાઈ વિષય પર નિબંધ લેખનની સ્પર્ધા રાખવામાં આવી હતી.આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે નીતિબેન મહેશગીરી ગૌસ્વામી,દ્વિતીય ક્રમે ડાલકી ભૂમિકાબેન ચુનીલાલ અને તૃતીય ક્રમે સોલંકી પ્રતીક્ષાબેન શામજીભાઇ રહ્યા હતા. ત્રણેય બાળાઓને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા બેંકના મેનેજર બ્રિજબંધુ સાહુ તેમજ બેંકના અન્ય કર્મચારી ચેતનભાઈ પંડ્યા, સ્વપ્રિલ વાઘેલા અને ટીમ દ્વારા ઈનામ તેમજ મહિલા સશક્તિકરણ અંગે સુંદર વક્તવ્ય આપવામાં આવ્યું હતું.આ કાર્યક્રમનું સફળ સંચાલન વજુભાઈ ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું.સમગ્ર સ્ટાફગણે કાર્યક્રમને સફળ



બનાવવા તેમજ કોવિડ-૧૯ની ગાઈડલાઈનનું યોગ્ય પાલન થાય તેની ખાસ કાળજી લીધી હતી. તેમજ આચાર્ય રંજનબેન વાઝા દ્વારા બાળાઓ વધુ આગળ ભણી ગણીને આત્મનિર્ભર બને તે દિશામાં યોગ્ય સૂચન આપવામાં આવેલ.તાજેતરમાં ૫ માર્ચના દિવસે ગિર સોમનાથ જિલ્લા કલેકટર અજય પ્રકાશએ શાળાની વિઝીટ લીધી હતી.તેઓ સ્કૂલના સુંદર મેનેજમેન્ટથી પ્રભાવિત થઈને શાળા નવી ઊંચાય પર પહોંચે તેવી શાળા પરિવારને ખાસ શુભેચ્છા આપવામાં આવી હતી.

# મોરબીના નાસતા ફરતા આરોપીની સુરેન્દ્રનગર પેરોલ ફલોસ્વોડ દ્વારા ધરપકડ



ચક્રવાત ટીમ ધ્રાંગધ્રા, તા.૧૧

જાણવા મળતી વિગતો અનુશાર ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશન ખાતે આજથી બે વર્ષે પહેલા હથીયાર સહિત અન્ય એક ગૃન્હામા સંડોવાયેલ મોરબી જીલ્લાના રાયસંગપર ગામના પુર્વ સરપંચ પતિ દિગ્વીજયસિંહ દિલાવરસિંહ ઝાલાને સુરેન્દ્રનગર પેરોલ ફ્લોસ્ક્વોડ દ્વારા મોરબી ખાતેથી ઝડપી પડાયા હતા. જ્યારે આ કુખ્યાત શખ્સના પત્નિ અગાઉ રાયસંગપર ગામે સરપંચ તરીકે રહી ચુક્યા છે.

અને તેનો એક પુત્ર અર્જુંનસિંહ ઝાલા અગાઉ ધ્રાગધ્રા, લીમડી, લખતર, મોરબી સહિતના ગામોમા હથીયાર સહિતના ગૃન્હામા ધરપકડ થયેલ છે જોકે અન્ય એક પુત્ર પોલીસકર્મી છે જેથી પુત્ર પોલીસકર્મીં અને પત્નિ રાજકીય આગેવાન હોવાથી રાજકારણના જોરે પિતા પુત્ર હથીયાર સહિતના ગૃન્હામા આખરે છે. જ્યારે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશનના ચોપડે છેલ્લા બે વર્ષથી ફરાર ઈશમને સુરેન્દ્રનગર પેરોલફ્લો સ્વોડ દ્વારા ઝડપી ધ્રાંગધ્રા તાલુકા પોલીસને સોંપતા રીમાન્ડ સહિતની તજવીજ હાથ ધરાઈ છે.

# ઊના દેલવાડા રોડ પર છકડો રીક્ષાના ચોરખાનામાંથી વિદેશી દારૂનો જથ્થા સાથે એક આરોપી ઝડપાયો

ચક્રવાત ટીમ ઉના, તા.૧૧

દિવથી આવતો છકડો રીક્ષામાં દારૂની હેરાફેરી થતી હોવાની બાતમી આધારે પોલીસે ઉના દેલવાડા રોડ પર વોચ ગોઠવી રીક્ષા ચાલકને રોકાવી તલાસી લેતા રીક્ષામાં બનાવો ચોરખાના માંથી વિદેશી દારૂના જથ્થા સાથે ૧ શખ્સને ઝડપી પાડી ધોરણસરની કાર્ય વાહી હાથ ધરેલ છે.

આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ હારૂન દાદા દલ રહે. જોનપુર તા. કેશોદ જી.જુનાગઢ વાળો છકડો રીક્ષા નં.જીજે ૧૨ વી ૮૫૧૪ લઇ નવાબંદર તરફથી આવતો હોવાની બાતમી આધારે પોલીસે ઉના દેલવાડા રોડ પર આવેલ નાગનાથ મંદિર પાસે વોચ ગોઠવી છકડો રીક્ષાને રોકાવી તલાસી લેતા રીક્ષામાં બનાવેલ ચોરખાના માંથી વિદેશી દારૂની બોટલ નં.૧૦૬ રૂ.૨૮ હજાર તેમજ મોબાઇલ,



રીક્ષા સહીત કુલ કિ.રૂ. ૧,૦૮,૫૦૦ નો મુદામાલ સહીત એક શખ્સને ઝડપી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# જામ્યુકો દ્વારા વેરા વસૂલાત ઝુંબેશ હેઠળ નવ મિલકતો કરાઈ સીલ

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૧

જામનગર મહાનગરપાલિકા દ્વારા મિલકત વેરાની બાકી વસૂલાત માટેની ઝુંબેશ સઘન બનાવાઈ છે, જે અન્વયે ગઈકાલે નવ મિલકતો સીલ કરવામાં આવી હતી, જ્યારે ૬૫ આસામીઓએ સ્થળ ઉપર જ રૂપિયા ૨૫ લાખની રકમ ભરપાઈ કરી આપી હતી.

જામનગર મહાનગરપાલિકા દ્વારા બાકી રોકાતી મિલકત વેરાની વસૂલાત ઝુંબેશ સઘન બનાવવામાં આવી છે અને વેરો ભરપાઈ નહીં કરનારા આસામીઓની મિલકત સીલ કરવામાં આવી રહી છે જે અન્વયે ગઈકાલે નવ મિલકત સીલ કરવામાં આવી હતી. જેમાં ચંપાબેન બાબુલાલ ભાલોડિયા રૂા. ૮૯,૪૩૦, નારણભાઈ ફાનાજી ભાલોડિયા રૂા. ૭૪,૬૯૮, રમેશચંદ્ર નારણભાઈ ભાલોડિયા રૂા. ૭૪,૬૯૮, અબ્દુલ અઝીઝભાઈ-ભાડુઆત ઈકબાલભાઈ યુસુફભાઈ રૂા. ૩૦,૩૪૭, કરસનદાસ જેઠાલાલ ભાડુઆત ત્રિશૂલ ઈલેક્ટ્રીક કોર્પોરેશન રૂા. ૨૮,૭૭૦, ભાડુઆત વ્રજલાલ અમૃતલાલ રૂા. ૨૩,૫૩૭, ભાડુઆત દ્વારકાદાસ ગોકળદાસ રૂા. ૨૩,૪૭૦, ભાડુઆત કાસમખાન સમસુંદીનખાન રૂા. ૨૦,૭૭૭, ફિદા હુસેન યુસુફ અલી એન્ડ જેનબબાઈ તૈયબઅલી ભાડુઆત સંગમ મેરેજ બ્યૂરો (રૂા. ૧૯,૪૮૦)ની મિલકત સીલ કરવામાં આવી હતી. આ ઉપરાંત ૬૫ બાકીદાર આસામીઓએ સ્થળ ઉપર જ રૂા. ૨૫,૦૨,૪૨૫ની વેરા રકમ સ્થળ ઉપર જ ભરપાઈ કરી આપી હતી. આ કામગીરી મ્યુનિસિપલ કમિશનર સતીશ પટેલની સૂચનાથી ટેક્સ રિકવરી ટીમ દ્વારા કામગીરી કરવામાં આવી હતી.

# ગઢડા ખાતે આવેલ સર્વોપરી ગૌશાળામાં મહા લઘુરૂદ્ર હોમાત્મક યજ્ઞનું આયોજન



ચક્રવાત ટીમ, તા.૧૧

ગઢડા ખાતે આવેલ સર્વોપરી ગૌશાળાના સંચાલક પાર્ષદ સંજય ભગત દ્વારા આજે મહાશિવરાત્રીનો દિવસ હોય જેથી સર્વોપરી ગૌશાળા ખાતે મહા લઘુ રુદ્ર હોમાત્મક યજ્ઞનું આયોજન કરવામાં આવેલ હતું. આ મહા લઘુરૂદ્ર ર્યમાં ગઢડા ગામના તેમજ આજુબાજુના દેવાએ ભાગ લીધો હતો તેમજ આજુબાજુના નગરજનો તેમજ ભક્તોએ ભાગ લીધો હતો.

# જામનગર ધરારનગર-૧માં રહેણાંક મકાનમાં ગેસનો બાટલો લીક થતા દોડધામ

ચક્રવાત ટીમ જામનગર, તા.૧૧

જામનગરમાં ધરારનગર-૧માં ગેસ સિલીન્ડર લીક થતા આગની ઘટના સામે આવી હતી. જેને ધ્યાને લઈ જામનગર મહાનગરપાલિકાની ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને આગને કાબૂમાં લેતી હતી. સદનસીબે કોઈ જાનહાનિ થઈ ન હતી. જામનગર શહેરના ધરારનગર-૧માં રહેતા જીતુભાઈ જેન્તીભાઈ વિરમગામીના ઘરમાં આજે સવારે ગેસનો બાટલો લીક થતા આગ લાગી હતી. આગને પરિણામે આસપાસના ત્રણ જેટલા ઘરોમાં પણ નુકસાન થયુ હોવાનું જાણવા મળી રહ્યું છે. આ ઘટનાની ફાયરબ્રિગેડની ટીમને જાણ કરાતા તાત્કાલિક ધોરણે ફાયરવિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લેવા પ્રયાસ કર્યો હતો. ગેસના બાટલામાં લીકેજને કારણે લાગેલી આગથી ઘરમાં રહેલી ઘરવખરી આગમાં બળીને ખાખ થઈ હતી. જો કે, સદનસીબે કોઈ જાનહાનિ થવા પામી ન હતી. ફાયર વિભાગની ટીમે સતત પાણીનો મારો ચલાવી આ આગને સમયસર કાબુ મેળવી લેતા મોટી જાનહાનિ ટળી હતી.

જામનગરમાં આવેલ ધરારનગરમાં રહેણાંક મકાનમાં ગેસના બાટલાંમાં એક ભીષણ આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે મકાનમાલિકે ફાયર ટીમને તાત્કાલિક ઘટનાસ્થળે બોલાવી હતી અને પાર્ટીમેં ગેસના બાટલામાં લાગેલી આગને કાબુમાં લીધી છે કે કોઈ જાનહાની થઈ નથી પણ ત્રણ જેટલા મકાનમાં ગેસનો બાટલો ફાટતાં નુકસાન થયું છેનનનઘટનાની જાણ થતાં આજુબાજુના રહીશો મોટી સંખ્યામાં એકઠા થયા હતા અને વોર્ડ નંબર ૧ ના કોર્પોરેટર કાસમ જીવા જોખિયા પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ધરાનગર ૧માં રહેતા જયંતીભાઈ વિરમગામી આજે સવારે ગેસ એજન્સીમાંથી લવાયેલા નવા બાટલામાં સિલેન્ડર ફીટ કરી રહ્યા હતા તે દરમિયાન જ એકાએક આગજનીની ઘટના બની હતી.

# સુરતમાં સગાઈના પાંચ દિવસ પહેલાં યુવતીએ આપઘાત કરી લેતા ચકચાર

(જી.એન.એસ.)સુરત,તા.૧૧

સુરત જિલ્લામાં એક દુઃખદ કિસ્સો સામે આવ્યો છે. જેમાં ૨૪ વર્ષીય યુવતીએ પોતાની સગાઈ પહેલા જ આપઘાત કરી લેતા પરિવારના સભ્યો શોકમાં ગરકાવ થઈ ગયા છે. યુવતીએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. સુરતના બારડોલીના ધામદોડ લુભા ગામ ખાતે આ બનાવ બન્યો હતો. આપઘાત કરી લેનારી યુવતીએ. બી.ઈ. સુધીનો અભ્યાસ કર્યો છે. આપઘાત કરી લેનાર યુવતીનું નામ અંજલી છે. અંજલીની બે બહેનોનાં લગ્ન થઈ ગયા છે, જ્યારે પરિવારે પાંચ દિવસ બાદ અંજલીને સગાઈ નક્કી કરી હતી. આ દરમિયાન જ અંજલીએ આપઘાત કરી લેતા પરિવાર પર જાણે આભ ફાટી પડ્યું હોય તેવી સ્થિતિ ઊભી થઈ છે.

મળતી માહિતી પ્રમાણે મૂળ મધ્ય પ્રદેશના ગિરવરસિંહ પરપાલસિંહ ભદોરીયા એક કારના શોરૂમ ખાતે વૉચમેન તરીકે નોકરી કરે છે. તેમને સંતાનમાં ૨૪ વર્ષની દીકરી હતી જેની સગાઈ નક્કી કરી હતી. બુધવારે ગિરવરસિંહ પોતાના નિત્યક્રમ પ્રમાણે સવારે ઉઠીને નોકરી પર ચાલ્યા ગયા હતા. જે બાદમાં તેમના પત્ની મંદિર જવાની તૈયારી કરતા હતા.

માતાને મંદિર જવાનું હોવાથી તેણીએ પોતાની દીકરીને ઉઠવા માટેની બૂમ પડી હતી. જોકે, અનેક વખત કહેવા છતાં અંજલીએ દરવાજો ખોલ્યો ન હતો. જે બાદમાં તેમને કંઈક અજુગતુ બન્યાની શંકા પડી હતી. આ દરમિયાન યુવતીના ભાઈઓ પણ જાગી ગયા હતા. તેમણે બારીમાંથી જોયું તો અંજલી પંખા સાથે લટકી રહી હતી. જે બાદમાં તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી. આ મામલે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને વધારે તપાસ શરૂ કરી છે. અંજલીએ કયા કારણથી આપઘાત કરી લીધો છે તે જાણવા મળ્યું નથી.

# એન. સી. સી.આણંદ દ્વારા નડિયાદની કેડેટો શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની મૂર્તિની સફાઇ કરી

ચક્રવાત ટીમ, તા.૧૧

તા.૧૧ માર્ચ ૨૦૨૧ નાં રોજ પ્રધાનમંત્રી નાં સફાઇ અભિયાન કાર્યક્રમ અંતર્ગત એન. સી.સી.આણંદ દ્વારા યુ. ટી. એસ.મહિલા આર્ટસ કોલેજ, નડિયાદમાં શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની મૂર્તિની સફાઇ કાર્યક્રમ આયોજિત કરવામા આવ્યો હતો. આ કાર્યક્રમ પ્રિન્સિપાલ હસિત મહેતાનાં સાથ



સહકાર અને ૪ ગુજરાત ગર્લ્સ બટાલિયન એન સી સી આણંદનાં કાર્યકારી કમાન્ અધિકારી મેજર કવિતા રામદેવપુત્રાનાં માર્ગદર્શનથી સિનિયર જી.સી.આઇ. પન્ના જોષી અને કેર ટેકર પ્રિયંકા ભટ્ટે સુંદર રીતે સંચાલન કર્યુ હતું. ૨૯ કેડેટ આ સફાઇ કાર્યક્રમમાં જોડાયા હતા. ત્યારબાદ કેડેટને સફાઇનું મહત્વ સમજાવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ કોવીડ -૧૯ ની માર્ગદર્શિકા ને ધ્યાનમાં રાખીને સામાજિક દૂરી અને માસ્ક ભી જરૂરી મુજબ કરાયો હતો.

# સુત્રાપાડામાં બાળ શંકર ભગવાનું રૂપ ધારણ કરતો બાળક



ચક્રવાત ટીમ સુત્રાપાડા, તા.૧૧

સુત્રાપાડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાચી તીર્થખાતે સમસ્ત દસનામ સમાજ દ્વારા મહા શિવરાત્રિની ઉજવણી કરવામાં આવી હતી. સરકાર ની ગાઈડલાઈન મુજબ આ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં બાળ શંકર ભગવાન બનીને આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

# સાંસદ ડેલકર અપઘાત પ્રકરણે દાદરાના પ્રશાસક પ્રફુલ પટેલ સહિત નવ વિરૂધ્ધ ગુન્હો દાખલ

### મૃત્યુ પહેલા તેણે લખેલા પત્રને આધારે આરોપીઓ સામે ગુનો દાખલ



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૧

સંસદ મોહન ડેલકરની આત્મહત્યા. પ્રકરણે સુસાયડ નોટ્સને આધારે મંગળવારે કેન્દ્રશાસિત દાદરા નગર-હવેલીના સંચાલક પ્રફુલ પટેલ,સહિત નવ લોકો વિરુદ્ધ મરીન ડ્રાઈવ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

પોલીસે જણાવ્યું કે આ કેસ એટ્રોસિટી એક્ટની વિવિધ કલમો હેઠળ તપાસ કરવામાં આવશે, જેમાં આત્મહત્યાના કાવતરાં, દેલકરને આત્મહત્યા કરવાની ફરજ પાડવી અને ખંડણી ઉઘરાવવા ખોટા કેસમા ફસાવવાનો તપાસ કરવામા આવશે.. ડેલકરે ૨૨ ફેબ્રુઆરીએ સી ગ્રીન સાઉથના મરીન ડ્રાઈવ વિસ્તારમાં એક હોટલમાં ફાંસો ખાઈને આત્મહત્યા કરી હતી. મૃત્યુ પહેલા તેણે લખેલા પત્રમાં આ આરોપીઓની પજવણી અંગેના રેકોર્ડ મળી આવ્યા હતા.

મૃત સંસદના પુત્ર અભિનવે મરીન ડ્રાઈવ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે, પટેલ અને અન્ય આઠ આરોપી ડેલકરની આત્મહત્યા માટે જવાબદાર છે. ડેલકરે લોકસભા વિશેષાધિકાર સમિતિમાં પટેલ અને અન્ય આરોપીઓ દ્વારા શરૂ કરવામાં આવેલી પરેશાની વિરુદ્ધ ફરિયાદો નોંધાવી હતી. અભિનવએ તેના જવાબમાં કહ્યું કે, લોકસભા વિશેષાધિકાર સમિતિ સમક્ષ જુબાની આપતી વખતે, ડેલકરે કહ્યું હતું કે જો પરેશાની બંધ ન થાય તો આત્મહત્યા કરવા સિવાય તેમની પાસે કોઈ વિકલ્પ નથી. ડેલકરે અપક્ષ તરીકે ૨૦૧૯ ની ચૂંટણી લડી હતી. આ લડતમાં તેમણે ભાજપના ઉમેદવારને હરાવી દીધા હતા. ભવિશ્યમા ચૂંટણી લડે નહિ ,લડે તો હારે , તેમજ જનસંપર્ક ઘટે ,જનતા સામે તેની પ્રતિમા ખરડાય તે માટે પટેલ અને અન્ય આરોપીઓએ મળીને પટેલ છેલ્લા દોઢ વર્ષથી ત્રાસ આપી માનર્સ્ક રીતે પરેશાન કરતા હતા.અભિનવે દાવો કર્યો હતો કે આરોપીઓ દ્વારા વડા પ્રધાન, ગૃહ પ્રધાન અને લોકસભા વિશેષાધિકાર સમિતિમાં ફરિયાદ નોંધાયા બાદ પરેશાની વધી છે. આ દાવાને આધારે તેણે કેટલાક દસ્તાવેજો પોલીસને સોંપી દીધા હતા. ડેલકર દ્વારા ચલાવાતી એસ. એસ. આર.કોલેજ ઓફ ફાર્મસી એન્ડ મેનેજમેન્ટ પર નિયંત્રણ મેળવવા .એડમિનિસ્ટ્રેટર પટેલ ઈચ્છતા હતા. આ કોલેજની જમીનનું બજાર મૂલ્ય ૧૦૦ કરોડથી વધુ હોવાની શક્યતા છે.. પટેલ દ્વારા શારીરિક ઈજા અને ખોટા આરોપસર ધરપકડ સહિતના વિવિધ માધ્યમો દ્વારા કોલેજને કબજે કરવાની ધમકી આપી રહ્યા હોવાનો આક્ષેપ કરવામા આવ્યો છે. હતો. અભિનવે એવો પણ આક્ષેપ કર્યો હતો કે પટેલે કોલેજના ૧૧ ટ્રસ્ટીઓમાંથી આઠને પોતાની પસંદ મુજબ લાવવા માટે ખૂબ દબાણ કર્યું હતું.

# કલ્યાણમાં લગ્ન પ્રસંગે વગર માસ્કે ૭૦૦ જણની ઉપસ્થિતી :ગુનો દાખલ



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૧

રાજયમા કોરોનાનો આંકડો ૧૩ હજારથી વધારે થયો છે.ત્યારે કલ્યાણ જેવા સ્થળે મોટા લગ્ન પ્રસંગનું આયોજન બેધડકપણે આયોજિત કરવામા આવ્યાનું બહાર આવેલ છે.કલ્યાણ પૂર્વમા બુધવારે રાત્રે એક લગ્ન પ્રસંગમા ૭૦૦ થી વધારે લોકોની હાજરી તેમાય કેટલાય લોકોએ માસ્ક પણ પહેર્યા ન હતા. પોલિસે કારવાહી કરીને ગુનો દાખલ કર્યો છે.

કલ્યાણ પૂર્વમા ૬૦ ફૂટ રોડ પર ગેસ કંપનીની બાજુમા એક લગ્ન પ્રસંગમા મોટા પ્રમાણમા લોકોની હાજરી હોવાની માહિતી પોલિસને મળી હતી. માહિતી મળતા પ્રભાગ અધિકારીની ટીમે તે સ્થળે તપાસ કરતા લગ્ન પ્રસંગમા આશરે ૭૦૦ થી વધારે લોકો હાજર હતા.કેટલાય લોકો માસ્ક પહેરેલા ન હતા.આયોજક પાસે વધારે લોકોની પરવાનગી ન હતી.તેમજ સોશ્યલ ડિસ્ટીંગનું પણ પાલન કરવામા આવ્યુ હતુ.જેને લઈને આયોજક રાજેશ યસવંત મ્હાત્રે ,તેમજ મહેશ કૃષ્ણા રાઉત વિરુધ્ધ પોલિસે વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.

# કેનેડાને કોરોના રસી આપતા મોદીના ઠેર-ઠેર પોસ્ટર લાગ્યા

(જી.એન.એસ.)ટોરેન્ટો,તા.૧૧

ભારતના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કેનેડામાં ભરપેટ વખાણ થઈ રહ્યા છે. ગ્રેટર ટોરન્ટોમાં રસ્તાઓ પર મોટા મોટા પોસ્ટર લાગ્યા છે. જેમાં પીએમ મોદીનો આભાર વ્યક્ત કરાયો છે. વાત જાણે એમ છે કે ભારતે કેનેડાને કોરોના રસી ઉપલબ્ધ કરાવી હતી. જેના માટે થઈને કેનેડામાં પીએમ મોદીના પ ોસ્ટરવાળી જાહેરાતો લાગી છે. કોરોના મહામારી વચ્ચે પીએમ નરેન્દ્ર મોદીએ દુનિયાભરના દેશોને રસી આપવાનું કામ કર્યું છે. જેને લઈને અનેક દેશોએ ભારતના વખાણ કર્યા છે. ભારતે હાલમાં જ કેનેડા ઉપરાંત નેપાળ અને બાંગ્લાદેશ સહિત અનેક દેશોને કોરોનાની રસી પ હોંચાડી હતી અને કોરોના મહામારી સામે લડવામાં મદદ કરી રહ્યું છે.

**૧૦૩ વર્ષના દાદી એ કોરોના વેક્સિન લીધું**



બેંગલુરુમાં ૧૦૩ વર્ષના દાદી જે કા તેમના ૭૩ વર્ષના પુત્ર અને પરિવાર સહિત એપોલો હોસ્પિટલમાં કોરોના વેક્સિન લીધું હતું. આમ ઉંમરને કોઈ સંબંધ ન હોવાનું પુરવાર કર્યું હતું. સંભવત આ દાદી ભારતમાં સૌથી મોટી ઉંમરના વેક્સિન લેનાર વ્યક્તિ હોય શકે. ત્યાર પછીની ૩૦ મિનિટમાં પણ તેમણે કોઈ આડઅસર થઈ હોવાની ફરિયાદ કરી ન હતી.

# મુંબઈમા ખાનગી હોસ્પિટલોમાં ૨૪ કલાક રસીકરણ દરરોજ એક લાખ નાગરિકોને રસી આપવાનું લક્ષ્યાંક

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૧

મુંબઈની ખાનગી હોસ્પિટલોમાં અઠવાડિયાના સાત દિવસ, દિવસના ૨૪ કલાક રસીકરણ કરવામાં આવે તેવી સંભાવના છે. મુંબઈ મહાનગરપાલિકાએ આ અંગે કેન્દ્ર અને રાજ્ય સરકારોને દરખાસ્ત મોકલી છે. રાજ્ય સરકારે આ પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે અને પાલિકા કેન્દ્ર સરકારની મંજૂરીની રાહમાં છે. બીએમસીએ કેન્દ્ર સરકારની વેબસાઈટ પર જરૂરી ફેરફાર કરવા કેન્દ્ર સરકારને અનુરોધ કર્યો છે. જો તેને મંજૂરી આપવામાં આવે તો દરરોજ એક લાખ નાગરિકોને રસી આપવામાં આવશે.

કેન્દ્ર સરકારની માર્ગદર્શિકા મુજબ હાલમાં મુંબઈમાં 'કોરોના -૧૯' રસીકરણ ચાલુ છે. રસીકરણ અભિયાનને ઝડપી બનાવવા મ્યુનિસિપલ કમિશનર ઈકબાલસિંહ ચહલના માર્ગદર્શન હેઠળ બુધવારે વિશેષ સમીક્ષા અને આયોજનની બેઠક મળી હતી. ટેલીવિઝન સિસ્ટમ દ્વારા આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં મ્યુનિસિપલ કમિશનર સુરેશ કાકાની, જાહેર આરોગ્ય વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, મ્યુનિસિપલ હોસ્પિટલોના નિષ્ણાંત ડોકટરો, મ્યુનિસિપલ વિસ્તારની વિવિધ ખાનગી હોસ્પિટલોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

૨૪ કલાક રસીકરણ કેન્દ્રો શરૂ થતાં, દરરોજ એક લાખ લોકોને રસી આપવાનું લક્ષ્ય પ્રાપ્ત થશે. મુંબઈમાં વરિષ્ઠ નાગરિકોની સંખ્યા ૩ મિલિયન છે. આને ધ્યાનમાં રાખીને અને જો દરરોજ એક લાખ લોકોને રસી આપવામાં આવે તો મુંબઈના મોટાભાગના વરિષ્ઠ નાગરિકો એક મહિનામાં રસી અપાશે.. હાલના રસીકરણ કેન્દ્રો આઠ કલાકથી ૧૨ કલાકના સમયગાળા માટે કાર્યરત છે. ૯ માર્ચે આ રસીકરણ કેન્દ્રો દ્વારા એક દિવસમાં ૩૮,૨૬૬ લોકોને રસી આપવામાં આવી હતી. રસી આપતા પહેલા સંબંધિત વ્યક્તિએ 'કોવિન એપ' પર નોંધણી કરાવવી જરૂરી છે. વળી, હોસ્પિટલોમાં જઈને સીધા નોંધણીનો વિકલ્પ નાગરિકો માટે ઉપલબ્ધ છે. હોસ્પિટલ સ્તરે વેબસાઈટ પર નોંધણીનો મુદ્દો બેઠક દરમિયાન કેટલીક ખાનગી હોસ્પિટલોએ ઉઠાવ્યો હતો. આ સંદર્ભે, મ્યુનિસિપલ કમિશનરે તાત્કાલિક જાહેર આરોગ્ય વિભાગ અને માહિતી ટેકનોલોજી વિભાગના અધિકારીઓની એક ટીમની રચના કરવા અને ૧૧ માર્ચ, ૨૦૨૧ સુધીમાં આ ટીમને એનએમસીના ટેલિફોન નંબર '૧૯૧૬' સાથે જોડવા નિર્દેશ આપ્યો હતો.

૬૦ વર્ષની વય પૂર્ણ કરી ચૂકેલી તમામ વ્યક્તિઓને હાલમાં રસી આપવામાં આવી રહી છે. ૯ માર્ચ,૨૦૨૧ સુધી એક લાખ ૩૬ હજાર ૪૯૧ વ્યક્તિઓને રસી આપવામાં આવી છે. તેમજ ૪૫ થી ૫૯ વર્ષની વય જૂથના લોકોને રસી આપવામાં આવી રહી છે અને આ જૂથના ૧૫ હજાર ૨૭૨ લોકોને રસી આપવામાં આવી છે.

કેન્દ્ર સરકારે રસીકરણ કેન્દ્રો શરૂ કરવા માટે કેટલીક ખાનગી હોસ્પિટલોને મંજૂરી આપી દીધી છે. જોકે મંજૂરી હોવા છતાં કેટલીક ખાનગી હોસ્પિટલોએ રસીકરણ કેન્દ્રો શરૂ કર્યા નથી. આવી હોસ્પિટલોમાં રસીકરણ કેન્દ્રોને માન્યતા રદ કરવામા આવશે તેમ ચહલે ચેતવણી આપી છે.

**કોરોના રસી લેતા મહારાષ્ટ્ર સીએમ ઠાકરે**



મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ પત્ની રશ્મિ ઠાકરે સહિત જેજે હોસ્પિટલમાં આજે કોરોના વેક્સિન લીધી હતી. ત્યાર બાદ તેમણે જનતાને આહવાન કર્યું હતું કે કોરોનાથી બચવા ફરજિયાત માસ્ક પહેરો સોશ્યલ ડિસ્ટન્સ જાળવો તેમ જ વારંવાર હાથ ધોવાનું રાખો.

**જગવિખ્યાત બાબૂલનાંથ મહાદેવ મંદિરમાં સન્નાટો**



કોરોના મહામારીને કારણે સાવચેતીના પગલે જગવિખ્યાત ટેકડીવાળા તરીકે ઓળખાતા બાબુલનાથ મહાદેવ મંદિર મહાશિવરાત્રીના દિવસે ભક્તો માટે બંધ રાખવામાં આવ્યું હતું. અહી શિવરાત્રિના દિવસે લાખો ભક્તો દર્શન માટે ઉમટી પડે છે. પરંતુ મુંબઈ સહિત રાજ્યમાં કોરોના એ ફરી ઉથલો મારતા સંક્રમણ ન ફેલાય તે માટે મંદિર બંધ રખાયું હતું. ઈતિહાસમાં કદાચ પ્રથમ વખત મંદિર બંધ રહેતા સમગ્ર પરિસરમાં સન્નાટો દેખાતો હોવાનું ભક્તમંડલના અધ્યક્ષ કિશોર કુવાવાલાએ જણાવ્યું હતું.તેમ જ પોલીસ બંદોબસ્ત મુકાયો હતો.

# મહારાષ્ટ્ર સરકારનું ઘુમજાવ અધિવેશન પૂરું થતાં જ વિજજોડાણ કાપવાનું શરૂ

### સરકારને આર્થિક નુકશાન થાય છે : અજિત પવાર

ચક્રવાત ટીમ મુંબઈ તા ૧૧

રાજ્યસરકાર દ્વારા હાલ પુરા થયેલા બજેટસત્રમાં વિપક્ષના હલ્લા સામે બચવા જેમણે લાઈટબીલ નહિ ભર્યું હોય તેમના જોડાણ કાપવા સામે તાતકલીક અસરથી સ્ટે મૂકવાની જાહેરાત કરાઈ હતી. જો કે અધિવેશન પૂરું થતાં જ આ આદેશને રદ કરવાની જાહેરાત ઉર્જાપ્રધાન નીતિન રાઉતે કરી છે જેને કારણે જનતાને છેતરપિંડી કરાઈ હોવાનું લાગે છે. વિપક્ષી નેતા ફડણવીસે આ માટે સરકારને લબાડ કહી જરૂર પડ્યે આંદોલન કરવાની ચીમકી આપી હતી.

બીજી બાજુ સરકારના પગલાંનો બચાવ કરતા ડેપ્યુટી સીએમ તેમ જ નાણાંપ્રધાન અજિત પવારે જણાવ્યું હતું કે વીજબીલ નું લેણું અબજો રૂપિયામાં છે અને સરકારને આર્થિક નુકશાન જઈ રહ્યું છે. જો કનેકશન નહીં કપાય તો લોકો વીજબિલ નહિ ભરે આથી કનેકશન કાપવાના ડરથી લોકો વીજબિલ ભરશે.

લોકડાઉન કાળમાં વીજ કંપનીઓ દ્વારા અડ્સત્તે બિલ મોકલ્યું હતું. ત્યાર બાદ રીડિંગ કરી તફાવત સાથે જંગી રકમ વસુલવાની શરૂઆત થઈ હતી. લોકોએ વિરોધ કરતા કનેકશન કાપવાની શરૂઆત થઈ. જો કે દિલ્હી અને ગુજરાતમાં આવા બિલમાં સરકારે રાહત આપી હતી જ્યારે મહારાષ્ટ્રમાં કોઈ રાહત અપાઈ નહીં. આથી સદન માં વિપક્ષનો સામનો કરવો પડે નહિ તે માટે વીજ કનેકશન કાપવાનું બંધ કરાયું અને સત્ર પૂરું થતાં જ ફરી શરૂ કરી લોકોની છેતરપિંડી કરી હોવાનો આક્ષેપ વિપક્ષ દ્વારા કરાઈ રહ્યો છે. એપ્રિલથી વીજબીલમાં ફક્ત બે ટકા રાહત આપી છે જે નહિ બરાબર હોવાની ચર્ચા થઈ રહી છે.

# અંબરનાથમા એમઆઈડીસીમાં બિસ્કીટ કંપનીમા ભિષણ આગ લાગતા અફરાતફરી



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૧

છેલ્લા કેટલાક દિવસોથી થાણા જિલ્લાની કંપનીઓમા આગ લાગવાની ઘટનામા મોટા પ્રમાણમા વધારો જોવા મળ્યો છે. આજે સવારના અંબરનાથમા એમઆયડીસી વિસ્તારમા આવેલ બિસ્કીટ કંપનીમા બિષણ અગ લાગી હતી.ફાયર બ્રિગ્રેડ દ્વારા આગ બુઝાવવાના પ્રયત્નોએ ચાર કલાકે નિયંત્રણમા લેવામા સફળતા મળી છે.

અંબરનાથના એમઆયડીસી વિસ્તારમા આવેલ આર.કે.બેકવેલ બિસ્કીટ બનાવતી કંપનીમા મળસ્કે આશરે ૫.૪૫ વાગે આગ લાગી હતી.નસીબજોગે અજે મહાશિવરાત્રી હોવાથી કંપનીમા રજા હતીતેહી કોઈ જાવહાની થઈ ન હતી.આગ લાગ્યાની ગણતરીની મિનિટોમા આગે વિકરાળરૂપ ધારણ કરતા ધુમાડા દૂરથી જોવા મળતા હતા.આગની જાણ થતા આનંદનગર એમઆયડીસી ફાયર બ્રિગ્રેડનો સ્ટાફ ઘટના સ્થળે સહાય માટે ઘસી આવ્યો હતો.અને આગ બુઝાવવાના પ્રયત્નો ચાલુ કર્યા હતા.અંતે ચાર કલાકે આગ બુઝાવવામા આવી હતી.મહાશિવરત્રીની રજાને લઈને સિક્યુરીટી ગાર્ડ સિવાય આજે કોઈ કંપનીમા હાજર ન હતુ.આગ લાગવાનું કારણ જાણવા મળ્યું નથી.

બે દિવસ પહેલા આસનગાંવમા આવેલ પ્લાસ્ટીક કંપનીમા આગ લાગી હતી,તે ઠેકાણે આગમા ત્રણ યુનિટો ખાક થઈ ગયા હતા.

# બોઈસરમા પત્નીની હત્યા કર્યા બાદ પતિએ ટ્રેન નીચે ઝપલાવી આત્મહત્યા કરી

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૧

પાલઘર જિલ્લાના બોઈસર ખાતે ચોંકાવનારી ઘટના બુધવારે બની હતી. બોઈસરમાં એક ૪૮ વર્ષિય વ્યક્તિએ પત્નીને છરીના ઘા મારીને આત્મહત્યા કરી લીધી છે.

બોઈસર એમઆઈડીસી પોલીસના જણાવ્યા અનુસાર, પતિ-પત્ની વચ્ચે મધરાતે ૨.૩૦ વાગ્યાની આસપાસ બોલાચાલી થઈ હતી. ગુસ્સામા પતિ રસોડામાં ગયો હતો અને છરી લઈને પત્ની પર હુમલો કરી. તેની હત્યા કરી હતી.

તે મંગળવારે રાત્રે નવ વાગ્યે કામ પરથી ઘરે પરત આવ્યો હતો. તેની અગિયાર વર્ષની પુત્રી બીજા રૂમમાં હતી. નવ વર્ષનો છોકરો ઘરની બહાર ગયો. માતા પિતા વચ્ચે થતા ઝઘડામા મદદ માટે તેના પડોશીઓને બોલાવવા ગયો હતો.. પડોશીઓ દોડી આવ્યા. તેણે મધ્યસ્થી કરી અને વિવાદ સમાધાન થઈ ગયુ હતુ. ત્યારબાદ પરિવાર રાત્રે સૂઈ ગયુ હતુ. મધરાતે બે વાગ્યાની આસપાસ દંપતી વચ્ચે ફરી બોલાચાલી શરૂ થઈ હતી. ફરીથી છોકરો ઘરની બહાર ગયો અને પડોશીઓને બોલાવતા. તેઓ રૂમમા દોડી આવીને દરવાજો ખટખટાવતા તેણે દરવાજો ખોલ્યો.હતો. તેઓ પણ અંદરનું દ્રશ્ય જોઈને ચોંકી ગયા. હતા. મહિલા લોહીલુહાણ હતી. ત્યારબાદ આરોપી ઘટના સ્થળેથી ભાગી ગયો હતો. પાડોશીઓએ પોલીસને ઘટનાની જાણ કરી હતી.

રાતના ૩.૩૦ વાગ્યાની આસપાસ પાલઘર રેલ્વે પોલીસને લોકો પાઈલટ પાસેથી બાતમી મળી હતી. તેમણે જણાવ્યું હતું કે બોઈસર રેલ્વે સ્ટેશન નજીક એક વ્યક્તિએ દોડતી ટ્રેન નીચે કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. આત્મહત્યા કરનાર વ્યક્તિની ઓળખ થઈ હતી. પત્નીની હત્યા કર્યા બાદ સ્પષ્ટ થઈ ગયું કે તેણે પણ આત્મહત્યા કરી લીધી છે. પતિ-પત્ની વચ્ચેના વિવાદનું કારણ હજી સ્પષ્ટ થયું નથી. તેના પરિવાર અને પડોશીઓની પૂછપરછ કરવામાં આવશે. આ ઘટનાની તપાસ કરવામાં આવી રહી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

# આગલી સરકારે અન્વય નાઈક મૃત્યુ પ્રકરણ દબાવ્યું : પત્ની પુત્રનો આક્ષેપ

### પોલીસની કામગીરી સંતોષજનક હોવાનો દાવો

ચક્રવાત ટીમ મુંબઈ તા ૧૧

અન્વય નાઈક આત્મહત્યા કેસને ત્રણ વર્ષ વિતી ગયા હોવા છતાં હજી અમને ન્યાય મળ્યો નથી તેમ જ આગલી સરકારે આ પ્રકરણ દબાવ્યું હોવાનો આક્ષેપ પત્ની અને પુત્રીએ કર્યો હતો. આજે યોજાયેલી પત્રકાર પરિષદમાં તેમણે ખાસ કરીને બીજેપીની આગલી સરકાર પર નિશાન સાધ્યું હતું.

મૃતકની પુત્રીએ જણાવ્યું હતું કે સુપ્રિમમાં આરોપીઓને ફક્ત જામીન મળ્યા છે. કેસ હજી ચાલુ છે તો કંઈ રીતે તેમને નિર્દોષ ગણી શકાય.

ત્રણ વર્ષ પહેલાં પિતાની આત્મહત્યા થયા બાદ સુસાઈડ નોટ માં ત્રણ વ્યક્તિના નામ હતા આમ છતાં અમને ન્યાય મળ્યો નથી. જ્યારે હાલની ઘટનામાં ફક્ત બે દિવસમાં સીડીઆર પણ મળી ગયા અને પગલાં પણ લેવાયા તો આ જ લોકોની સરકાર ત્યારે હતી તો કેમ પિતાની કોલ ડેટા રેકોર્ડ ન કઢાવ્યા અને પગલાં લીધા. શું ફક્ત શ્રીમંત લોકોને જ ન્યાય મળે છે? કોમન મેન ને નહીં? તેવો સવાલ પરિવારજનોએ કર્યો હતો.

મુંબઈ પોલીસની કામગીરી પર અમને સંતોષ છે અને જરૂર પડ્યે અમે મુખ્યપ્રધાનને મળી રજૂઆત કરીશું તેમ ઉમેર્યું હતું. આ ઉપરાંત જે રાજકીય નેતા જમીન ના સોદાની વાત કરે છે તેમણે સાતબારા ની નકલ બતાવવી જોઈએ તેમ ઉમેર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે વિધાનસભાના હાલ પુરા થયેલા સત્રમાં હોમ મિનિસ્ટર અનિલ દેશમુખે વિપક્ષી નેતા દેવેન્દ્ર ફડણવીસ પર તેઓ સીએમ હતા ત્યારે અન્વય નાઈક પ્રકરણ દબાવ્યું હતું.આથી ફડણવીસ તેમની વિરૂદ્ધ હક્કભંગ પ્રસ્તાવ લાવ્યા હતા. આમ અત્યાર સુધી આ પ્રકરણમાં દૂર રહેલા પત્ની પુત્રીએ આજે પત્રકાર પરિષદ યોજી તેની પાછળ અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે.

# સોનાના વાયદાઓમાં ૧૨,૩૬૩ કિલો અને ચાંદીમાં ૮૩૧ ટનના વોલ્યુમ સાથે ભાવમાં નોમિનલ ઘટાડો

ચક્રવાત ટીમ, મુંબઈ,૧૧

દેશના અગ્રણી કોમોડિટી એક્સચેન્જ એમસીએક્સ પર મહાશિવરાત્રિ નિમિત્તે જાહેર રજા હોવાથી પ્રથમ સત્રનું કામકાજ બંધ રહ્યું હતું, જ્યારે બીજા સત્રનાં કામકાજ રાબેતા મુજબ ચાલુ રહ્યાં હતાં. બુધવારે મોડી રાત્રિના પૂરા થયેલા સત્ર સુધીમાં વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને કોમોડિટી ઓપ્શન્સમાં મળીને ૪૪૮૩૭૬ સોદામાં રૂ.૨૯૩૮૫.૫૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોનાના વાયદાઓમાં ૧૨,૩૬૩ કિલો અને ચાંદીમાં ૮૩૧ ટનથી વધુના વોલ્યુમ સાથે ભાવમાં નોમિનલ ઘટાડો થયો હતો. તમામ બિનલોહ ધાતુઓ પણ ઘટી આવી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ ઘટવા સામે નેચરલ ગેસ વધ્યું હતું. કૃષિ કોમોડિટીઝમાં કપાસ, રૂ (કોટન), સીપીઓ, મેન્થા તેલ ઢીલાં બંધ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સ ઓન ફ્યુચર્સમાં કુલ રૂ.૧,૨૬૨.૪૭ કરોડ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કુલ રૂ.૧૮૯.૫૨ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સમાં કીમતી ધાતુઓનો સૂચકાંક બુલડેક્સ ફ્યુચર્સનો માર્ચ વાયદો ૧૪૨૨૮ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪૩૧૮ અને નીચામાં ૧૪૨૦૨ના મથાળે અથડાઈ, દિવસ દરમિયાન ૧૧૬ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૧૮ પોઈન્ટ ઘટી ૧૪૨૭૬ના સ્તરે બંધ થયો હતો, જ્યારે બિનલોહ ધાતુઓનો સૂચકાંક મેટલડેક્સ ફ્યુચર્સનો માર્ચ વાયદો ૧૩૮૩૫ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૩૮૮૩ અને નીચામાં ૧૩૬૮૪ના સ્તરને સ્પર્શી દિવસ દરમિયાન ૧૯૯ પોઈન્ટની મૂવમેન્ટ સાથે અંતે ૧૨૦ પોઈન્ટ ઘટી ૧૩૭૨૮ બંધ થયો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૨૧૩૬૫૭ સોદાઓમાં રૂ.૧૧૧૨૪.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૭૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૪૯૪૪ અને નીચામાં રૂ.૪૪૬૩૦ ના મથાળે અથડાઈ અંતે રૂ.૬૫ ઘટીને રૂ.૪૪૭૯૨ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ કોન્ટ્રેક્ટ અંતે રૂ.૪૨ ઘટીને ૮ ગ્રામદીઠ રૂ.૩૬૦૩૬ અને ગોલ્ડ-પેટલ માર્ચ કોન્ટ્રેક્ટ અંતે રૂ.૩ ઘટીને ૧ ગ્રામદીઠ રૂ.૪૪૭૬ થયા હતા, જ્યારે સોનું-મિની એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૦ ઘટીને બંધમાં રૂ.૪૪૭૭૪ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી મે કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ.૬૬૯૫૧ ખૂલી, ઊપરમાં રૂ.૬૭૬૦૦ અને નીચામાં રૂ.૬૬૫૨૨ ના સ્તરને સ્પર્શી અંતે રૂ.૫ ઘટીને રૂ.૬૭૪૭૫ બંધ રહ્યો હતો. ચાંદી-મિની એપ્રિલ રૂ.૩ ઘટીને રૂ.૬૭૫૨૪ અને ચાંદી-માઈક્રો એપ્રિલ રૂ.૧ ઘટીને રૂ.૬૭૫૨૧ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૧૭૦૭૬૯ સોદાઓમાં રૂ.૯૭૬૮.૦૯ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ.૪૬૬૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૭૩૯ અને નીચામાં રૂ.૪૬૧૨ બોલાઈ અંતે રૂ.૩૫ ઘટીને રૂ.૪૬૪૫ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૪૬૬૯ સોદાઓમાં કુલ રૂ.૬૭૦.૩૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન માર્ચ વાયદો ગાંસડીદીઠ રૂ.૨૨૦૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૦૦૦ અને નીચામાં રૂ.૨૧૭૨૦ સુધી જઈ અંતે રૂ.૧૬૦ ઘટીને રૂ.૨૧૯૨૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ માર્ચ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧૧૦૫.૯ ખૂલી, અંતે ૬૦ પૈસા ઘટીને બંધમાં રૂ.૧૧૦૬.૯ ના ભાવ હતા, જ્યારે મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૬૦ ખૂલી.

## ઝઘડિયા તાલુકાના ઉમલ્લા શ્રી સોમેશ્વર મહાદેવ શિવરાત્રીની ઉજવણી



ચક્રવાત ટીમ ઝઘડિયા, તા.૧૧

ઉમલ્લા શ્રીસોમેશ્વર મહાદેવ મંદિર મહાશિવરાત્રિ ઉજવવામાં આવી હતી. આજે મહાશિવરાત્રિ સર્વધર્મ શિવમંદિરો માં શિવપૂજા, શતરૂદ્રી, અનેશિવમહિમ્મા પાઠ થાય છે આજે રાત્રી જાગરણનો મહિમા છે શિવપુજામાં જાસૂદ,ધતુરો, અને બિલિપત્ર ચડાવાય છે. શ્રી સોમેશ્વર મહાદેવ મંદિરે સવારથી ભક્તોએ શિવજીને દુધ, ફુલહાર, શ્રીફળ, શેરડી, મધના અભિષેક કર્યો હતો. શિવજીને નૈવેધમાં ભાંગ ધરાવાય છે શિવ જળ પ્રિય હોવાથી રાત દિવસ જળનો અભિષેક થાય છે.

## સીસીટીવી દ્વારા વસઈ રેલ્વે પોલીસે કેમેરા ચોરની અટક કરી

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૧

ચર્ચગેટ વિરાર લોકલ ટ્રેનમાથી પ્રવાશીની કેમેરાની બેગ લઈને ફરાર થયેલ ચોરની સીસીટીવીને આધારે તપાસ કરીને વસઈ રેલ્વે પોલિસે આરોપીની નાલાસોપારાથી અટક કરી છે. ચર્ચગેટથી નાલાસોપારા જવા વિરાર લોકલ ટ્રેનમા ૯ ફેબ્રુઆરીએ કેમેરા વેચવાનો વ્યવસાય કરનાર સદાનંદ ગુપ્તા રાતના સમયે પ્રવાશ કરી રહ્યો હતો.ત્યારે ટ્રેનમા ઉંઘ આવતા તે આંખ બંધ કરી સૂઈ ગયો હતો.અચાનક સ્ટેશન અવતા જાગતા તેની બેગ ગાયબ જોવા મળી હતી.જે બેગમા ૭૭ હજાર ર્રૂપુતાની કિમતનો નવો કેમેરો જે ગ્રાહક માટે ખરીદી લઈ આવ્યો હતો,તે બેગ ચોરી થઈ ગઈ હતી.ગુપ્તાએ વસઈ રેલ્વે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરતા ગુનો નોંધવામાં આવ્યો હતો. રેલ્વે સ્ટેશન પર સીસીટીવી કેમેરા તપાસ કરતાં પોલીસને એક



શંકાસ્પદ વ્યક્તિ મળી જે આઈએસએમ બેગ લઈને ગયો હતો. પોલીસે સીસીટીવી ઉપરના વ્યક્તિની ઓળખ કર્યા બાદ નાલાસોપારાથી ચોરને કેમેરા અને બેગ સાથે અટક કરી છે. તેની પાસેથી રૂ .૭૭,૦૦૦ ની કિંમતનો કેમેરો પણ જપ્ત કરવામાં આવ્યો છે. પકડાયેલા આરોપીની ઓળખ નાલાસોપારાના રહેવાસી વિકી અબ્દુલ નશા તરીકે થાય છે. પોલીસ હવે આ ચોરો દ્વારા કોઇ ચોરીઓ કરી છે કે કેમ તેની તપાસ કરી રહી છે.

## મુંબઈમાં ૧૪ વર્ષની સગીરા પર બોક્સિંગ કોચે બળાત્કાર ગુજાર્યો

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૧

મુંબઈના ચેમ્બુર વિસ્તારમાં બોક્સીંગ કોચ દ્વારા એક સગીર તરૂણી પર બળાત્કાર ગુજાર્યો છે. યુવતીની ઉંમર ૧૪ વર્ષની છે અને પોલીસે આ કેસમાં બોક્સીંગ કોચ (૩૦) ની અટક કરી છે. હાલ આ મામલે તપાસ ચાલી રહી છે. પોલીસના જણાવ્યા અનુસાર પીડિતા કોચના વર્ગમાં બોક્સીંગની તાલીમ લઈ રહી હતી. થોડા દિવસો પહેલા યુવતીની તબિયત લથડી હતી. ત્યારબાદ કોચ છોકરીને ફરવા જવાના બહાને પોતાના ઘરે લઈ ગયો. ત્યારબાદ તેણે યુવતી સાથે દુર્વ્યવહાર કર્યો. કોચે કોઈને પણ આ બાબતની જાણ કરશે તો તારી બોક્સીંગ કારકિર્દી બરબાદ કરવાની ચીમકી પણ આપી હતી. જોકે, યુવતીએ પોલીસમાં ફરિયાદ નોંધાવ્યા પછી કોચનો ભાંડો ફૂટ્યો હતો. પોલીસે બુધવારે રાત્રે તિલક નગરમાંથી કોચની ધરપકડ કરી હતી. યુવતીની હાલ ઘાટકોપરની રાજાવાડી હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. યુવતીની ફરિયાદ બાદ પોલીસે બોક્સીંગ કોચ વિરુદ્ધ કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.

## કચ્છના માંડવીમાં એકરવાલા જનરલ હોસ્પીટલમાં આજથી કોરોનાની રસી નિશુલ્ક અપાશે

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૧

વિશ્વમા કોરોનાએ હાહાકાર મચાવ્યો છે પરંતુ વેકસિન હાલમા ઉપ્લબ્ધ્ધ થતા લોકોમા રાહત જોવા મળે છે.તેમ છતા લોકોની બેજવાબદારીને લઈને કોરોનાને કાબુમા લેવાના પ્રયાસો હાલમા ચાલુ છે.દેશભરમા હાલમા કોરોનાની રસી સિનિયર સીટીજનો તેમજ ૪૫-૫૯ વચ્ચેની વયના બિમાર નાગરિકોને આપવાનું સરકાર દ્વારા ચાલુ કરવામા આવ્યુ છે. કચ્છના માંડવી તાલ્કાના મસ્કા ખાતે એકરવાલા જનરલ હોસ્પીટલમા નિશુલ્ક રસી આપવાનું ૧૨ માર્ચ ૨૦૨૧થી ચાલુ કરવામા આવ્યુ છે. કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના મસ્કા ગામે એંકરવાલા જનરલ હોસ્પીટલ ખાતે શ્રી સર્વ સેવા સંઘ (કચ્છ) ભુજ ખાતે ૬૦ વધુ વયના વૃધ્ધો તેમજ ૪૫ થી ૫૯ વયના બિમારથી ગ્રસ્ત હોય તેવા નાગરિકોને કોરોના સામે રક્ષણ મેળવવા નિશુલ્ક રસી આપવાનો કાર્યક્રમ ચાલુ કરવામા આવ્યો છે. જેઓની રસી લેવાની વયમર્યાદામા આવતા હોય તેઓને આધારકાર્ડ અથવા ચૂંટણી કાર્ડ ,પેન કાર્ડ ,ડ્રાયવિંગ લાયસંન્સમાંથી કોઇ પણ એક ડોક્યુમેન્ટ હોસ્પીટલમા નોંધણી માટે સાથે લઈ જવુ જરૂરી છે.

## ૮ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરનાર નરાધમ ટેક્સી ડ્રાઈવરને ૧૦ વર્ષની સજા

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૧૧

થાણેની એક અદાલતે એક સગીર બાળકીનું જાતીય શોષણ કરવા બદલ એક ટેક્સી ડ્રાઈવરને ૧૦ વર્ષની સજા સંભળાવી છે. આ ઘટના મે ૨૦૧૯માં બની હતી. આરોપી અને પીડિતા એક જ સોસાયટીમાં રહે છે.

૧૪ મે, ૨૦૧૮ ના રોજ, જ્યારે ૮ વર્ષની બાળકી સોસાયટીના પ્રાંગણમાં અન્ય બાળકો સાથે રમી રહી હતી, ત્યારે શખ્સે તેને ઈશારો કર્યો. ત્યારબાદ તે તેને સોસાયટીના પહેલા માળે લઈ ગયો હતો અને તેના પર યૌન શોષણ કર્યું હતું. તેણે તેની સાથે મારપીટ પણ કરી હતી અને જો તેણીને આ વિશે કોઈને કહેશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

શીલ-ડાયઘર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાયા બાદ પોલીસે ડ્રાઈવરને તાત્કાલિક ધરપકડ કરી હતી. સઘન તપાસ બાદ ડાયઘર પોલીસે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. આ કેસમાં કુલ સાત સાક્ષીઓની તપાસ કરવામાં આવી હતી. સરકારી વકીલ વિજય મુંડેએ કોર્ટમાં આરોપી વિરુધ્ધ પૂરાવા રજુ કર્યા હતા. સુનાવણી પૂરી થયા બાદ. જિલ્લા અને સેશન્સ જજ હેમંત પટવર્ધને આરોપીને ૧૦ વર્ષની કેદની સજા ફટકારી છે.

# ૧૮૧ અભયમ સેવાના ગુજરાતમાં સફળતા પુર્વક છ વર્ષ પૂર્ણ થતા અમરેલીમાં ઉજવણી

ચક્રવાત ટીમ અમરેલી, તા.૧૧

મહિલાઓને ઘરેલુ હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસાના કિસ્સામાં તાત્કાલિક ધોરણે બચાવ અને સલાહ-માર્ગદર્શન ઉપરાંત મહિલાલક્ષી યોજનાઓની જાણકારી મળી રહે તે માટે ૧૮૧ હેલ્પલાઈનની સુવિધાની ઉપલબ્ધીની આવશ્યકતા જણાતા ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગૃહ વિભાગ, રાજ્ય મહિલા આયોગ અને ય્ક્ દ્ર ઈર્સ્ઇં દ્વારા સંકલિત રીતે રાજ્યમાં ૮ માર્ચ ૨૦૧૫ આંતરરાષ્ટ્રીય મહિલાદિનના રોજ ૧૮૧ મહિલા હેલ્પ લાઈન સેવા શરુ કરવામા આવી હતી.

રાજ્યવ્યાપી વિસ્તરણ બાદ માત્ર ૬ વર્ષ જેટલા ટુંકા સમય ગાળામાં જ



રાજ્યમાં ૮,૨૫૦૮૧ કરતાં વધારે મહિલાઓને વિકટ પરિસ્થિતિમાં સલાહ,બચાવ માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. ૧,૬૬૩૫૯ કરતા વધારે મહિલાઓને તાલીમ બધ્ધ કાઉન્સેલર દ્વારા ત્વરીત ઘટના સ્થળ પર જઈને પરામર્શ કરીને મદદ પહોચાડી છે. અને ૧,૧૫૯૦૮ જેટલા કિસ્સામાં સ્થળ પર જ સમાધાન કરી કેસ નો નિકાલ કરેલ છે તેમજ ૫૦,૪૫૧ જેટલી મહિલાઓને ગંભીર પ્રકારની સમસ્યા જણાતા સ્થળ પરથી રેસ્ક્યુ કરી ને લાંબા ગાળાના કાઉન્સિલિંગ, આશ્રય તેમજ અન્ય મદદ માટે સરકારશ્રીની અન્ય સંસ્થાઓ સુધી પહોચાડવામાં આવેલ હતા. માત્ર ૬ વર્ષ જેટલા ટુંકા સમય ગાળામાં જ ૧૩,૮૩૫ કરતાં વધારે મહિલાઓને વિકટ પરિસ્થિતિમાં સલાહ,બચાવ માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. ૨,૯૦૪ કરતા વધારે મહિલાઓને તાલીમ બધ્ધ કાઉન્સેલર દ્વારા ત્વરીત ઘટના સ્થળ પર જઈને પરામર્શ કરીને મદદ પહોચાડી છે. કોરોના વૈશ્વિક મહામારીની સ્થિતિમાં લોકડાઉન દરમ્યાન રાજ્ય સરકારશ્રી દ્વારા કાર્યરત ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં ફરજ બજાવતા મહિલા કર્મચારીઓ સતત કાર્યરત રહી ઉત્કૃષ્ટ કામગીરી કરેલ છે તેઓએ પોતાની કે પોતાના ઘર -પરિવારની ચિંતા કર્યા વગર ૧૮૧ મહિલા હેલ્પલાઈન સેવા દ્વારા ઘટના સ્થળ પર જઈને સલાહ-સુચન, માર્ગદર્શન અને બચાવની સક્રિય કામગીરી કરી પિડિત મહિલાઓની સમસ્યાનુ યોગ્ય નિરાકરણ લાવી મુશ્કેલ સ્થિતિમાંથી બહાર લાવવાનુ ભગિરથ કાર્ય કરી ઉમદા ફરજ બજાવેલ છે.

# મહિસાગર જિલ્લામાં એક સાથે ૨૨ આરોપીઓને સજા ફટકારતો પ્રથમ કિસ્સો

### પોલીસ જવાનોનો માર મારવાના ગુનામાં ૨૨ આરોપીને સજા ફટકારતી સેશન કોર્ટ

ચક્રવાત ટીમ મહિસાગર, તા.૧૧

તારીખ ૨૩/૦૩/૨૦૧૬ ના રોજ પોલીસ તથા હોમગર્ડ જવાનો નાના વડદલા ગામે હોળી/ ધુળેટી ના કાયદેસરના બંદોબસ્તમાં ના ફરજ પર હતા તે સમય દરમ્યાન આશરે રાત્રીના ૧૧ કલાકે આરોપીઓએ ગેર કાયદેસરની મંડળી રચી તેમનાં કેટલાકે મારક હથિયારો ધારણ કરી પોલીસતેમજ હોમગાર્ડ જવાનો સાથે મારામારી કારી અહી કેમ આવ્યાં છો અમારે અહી પોલીસ કે બંદોબસ્ત ની જરૂર નથી તેમ કહી ખરાબ વર્તન કરી બે રહમી થી માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી ફરજ પર રહેલાં પોલીસ કર્મીઓને તેમજ હોમગાર્ડ જવાનોને હાથે તેમજ પગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

જેમા એ. એસ. આઈ દેવેન્દ્ર સિંહ ને પણ બે રહેમીથી



માર મારતાં તેઓ ને માથા તેમજ પગના ભાગે ગંભીર ઈજાઓ કરી સરકારી કામમાં અડચણ કરી ખુંનની કોશિશ કરી ગુનો આચરવામાં આવ્યો હતો હોળીમાં ઉપયોગ માં લીધેલ લાકડીઓ સળગતી હોળી માં ફેંકી દઈ પૂરવાનો નાશ કરી જિલ્લા મેજિસ્ટ્રેટ લુણાવાડા ઓ નાં જાહેરનામનો ભંગ કરી ગુનો આચારવા માં અવ્યો હતો. જેમા કલમ ૩૩૨,૩૩૩,૩૩૬,૩૦૭,૧૪૩, ૧૪૭,૧૪૮,૧૪૯, ૫૦૪,૨૦૧, તથા જી.પિ એક્ટ ૧૩૫ ઈપકો કલમ દાખલ કરી ગુનો આચર્યા અંગે ની ફરિયાદ કુલ ૫૬ આરોપીઓ સામે લુણાવાડા પોલીસ સ્ટેશનને ગુનો દાખલ કરી રજિસ્ટ્ન ૨૨/૨૦૧૬ થી નોધવામ અવ્યો હતો જેમાં મહિસાગર જિલ્લા ન્યાયલય ખાતે સરકાર તરફથી સરકારી વકિલ તરિકે એસ. આર. ડામોર એ કેસ ચલવ્યો હતો જેમા કોર્ટે સમક્ષ રજુ થયેલ પૂરાવા તથા સરકારી વકીલની દલીલો ને ગ્રાહ્ય રાખીને મુખ્ય જિલ્લા ન્યાયધિશ અને સેંશન્સ જજ એચ. એ. દવે દ્વારા ૫૬ પૈકી નાં કુલ ૨૨ આરોપીઓ ને ૧૪૭, ૧૪૩,૧૪૮,૩૩૨,૩૩૩,૩૨૩,૩૦૭ હેઠળ નાં ગુના માં આરોપી સાબિત થતાં જેઓને આજ રોજ અલગ અલગ સબબ સજા ફટકાવામાં આવી છે જેમા સજા પામેલ દરેક આરોપી ઓ ને કુલ ૫ વર્ષ ની કેદ તથા અલગ અલગ કલમ હેઠળ કુલ મળીને તમામ આરોપીઓ એ કુલ ૨૦,૫૦૦/- દંડ વસૂલ કરી સજા આપેલ છે જો દંડ ન ભરે તો સજા વધૂ લબાવવા હુકમ કરેલ છે. તેમજ સજા આપતી વખતે કોર્ટેનું માનવીય વલણ સામે આવ્યુ જેમા ૨૨ પૈકી ૭૦ વર્ષ થી વધૂ વયના એક આરોપી ને ત્રણ વર્ષ ની સજા આપી જ્યારે ૨૧ આરોપીને ૫ વર્ષ ની સજા ફટકારવામાં આવી છે.

## સુરેન્દ્રનગરના ખેડૂતો મોટી સંખ્યામાં આજે દાંડીયાત્રામાં જોડાશે

ચક્રવાત ટીમ મુળી, તા.૧૧

કેન્દ્ર સરકાર દ્વારા ત્રણ કૃષિ કાયદાની વિરોધ્ધ કરતા ખેડુતો છેલ્લા બે મહિના જેટલા સમયથી આંદોલનનુ રણશિંગુ ફુકી દિલ્હી બોર્ડ પર બેઠા છે ત્યારે શરુવાતમા આંદોલનકર્તાં ખેડુતો દ્વારા માત્ર દિલ્હીમાં જ પોતાનો વિરોધ્ધ પ્રદર્શઁન કર્યોં હતો પરંતુ હવે ધીરેધીરે સમગ્ર દેશમાં વિરોધ્ધ પ્રદર્શઁન શરુ કરવામા આવી રહ્યા છે અને જેના લીધે ગુજરાત રાજયમા પણ દાંડીયાત્રાની શરુવાત કરાઈ છે. ગુજરાત પ્રદેશ કોગ્રેસ અને કિશાન કોગ્રેસ દ્વારા ૧૨ માર્ચંના રોજ અમદાવાદ ગાંધી આશ્રમથી યાત્રા શરુ કરી ૧૬માર્ચના રોજ દાંડી ખાતે આ યાત્રા પુર્ણં કરશે પાંચ દિવસ ચાલનારી આ યાત્રાનો મુખ્ય હેતુ ખેડુતો માટે કૃષિબિલ પાછા ખેંચવા સહિત મોંઘવારી, પેટ્રોલ-ડિઝલના ભાવ વધારા સહિત રાજ્ય અને કેન્દ્ર સરકાર પર નિશાન સાધવાનો છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા ગાંધીજી દ્વારા મીઠુ(નમક) માટે આ યાત્રાનો આયોજન કરાયુ હતુ. ત્યારે ફરી એક વાર ખેડુતોના હક્ક માટે શરુ થયેલી યાત્રામાં સુરેન્દ્નનગર જીલ્લાના અનેક ખેડુતો પોતાનુ ટ્રેક્ટર લઈને આ યાત્રામાં જોડાશે. આ બાબતે સુરેન્દ્નગર જીલ્લા કિશાન કોગ્રેસના પ્રમુખ રામકુભાઈ કરપડા દ્વારા જણાવાયુ હતુ કે સ્થાનિક ખેડુતો મોટી સંખ્યામા આ યાત્રામાં જોડાશે અને આ તમામ ખેડુતો સ્વૈચ્છીક રીતે જોડાવાના છે આ સાથે દાંડી યાત્રા કાર્યંક્રમ માત્ર કોગ્રેસ માટે નહિ પરંતુ જીલ્લાના અનેક નિષ્પક્ષ ખેડુત આગેવાનો પણ જોડાશે અને સરકાર સમક્ષ વિરોધ્ધ રજુ કરશે.

## સુપ્રિમ કોર્ટે ચેક બાઉન્સ કેસોના ઝડપી નિકાલ માટે સમિતિની રચના કરી

(જી.એન.એસ.)ન્યુ દિલ્હી,તા.૧૧

સુપ્રીમ કોર્ટે ચેક બાઉન્સ કેસોના ઝડપી નિકાલ માટે એક સમિતિની રચના કરી છે. સરકાર સાથે સહમતિ સધાયા બાદ સુપ્રીમ કોર્ટે આ નિર્ણય લીધો છે. સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ એસએ બોબડેના કહેવા પ્રમાણે વિવિધ કોર્ટમાં પેન્ડિંગ કુલ કેસના આશરે ૬૦ ટકા જેટલા કેસ નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ સાથે સંકળાયેલા છે. ત્યાર બાદ સીજેઆઈ બોબડેની અધ્યક્ષતાવાળી ૫ ન્યાયાધીશોની બંધારણીય પીઠે આ માટે નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ અંતર્ગત ફોજદારી કેસોની ઝડપી સુનાવણી માટે સંબંધિત કેસ અંગે વિચાર કર્યો હતો અને ચેક બાઉન્સના પેન્ડિંગ કેસના ઝડપી નિવારણ માટે એક સમિતિની રચના કરી છે.

આ સમિતિ રાજ્ય સરકારો સહિતના અન્ય ભાગીદારો સાથે મળીને સૂચનો પર ધ્યાન આપશે અને ૩ મહિનામાં સુપ્રીમ કોર્ટમાં પોતાનો રિપોર્ટ રજૂ કરશે. કેન્દ્રીય નાણા મંત્રાલયના નાણા વિભાગ ઉપરાંત વિવિધ કેન્દ્રીય મંત્રાલયના અધિકારીઓ પણ આ સમિતિમાં સામેલ થશે. સેવાનિવૃત્ત જસ્ટિસ આરસી ચૌહાણ આ સમિતિની અધ્યક્ષતા કરી રહ્યા છે. ઉપરાંત આરબીઆઈના ગવર્નર દ્વારા સૂચવવામાં આવેલો એક સદસ્ય પણ તેમાં સ્થાન પામશે.

## મહિસાગર જિલ્લામાં મહાશિવરાત્રીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી



ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૧૧

આજે દેવોના દેવ મહાદેવ શંકર ભગવાનની આરાધના કરવા માટેનો પવિત્ર તહેવાર મહા શિવરાત્રી છે જેને લઈ સમગ્ર મહીસાગર જિલ્લાના શિવ મંદિરમાં શિવ ભક્તો શિવની આરાધના કરી ધન્યતા અનુભવી રહ્યા છે ત્યારે મહીસાગર જિલ્લાના લુણાવાડામાં આવેલ પૌરાણિક લુણેશ્વર મહાદેવ મંદિર શિવ ભક્તો ના ૐ નમઃ શિવાય ના શિવ નાદ થી ગુંજી ઉઠ્યું

આજે મહાશિવરાત્રી પર્વ છે અને કોરોના કાળ માં લાંબા સમયથી ધાર્મિક સ્થળો બંધ હતા અને અનલોકની શરૂઆતમાં મંદીરો ખુલી ગયા હતા ત્યારે હવે મહાશિવરાત્રી ની ઉજવણી સમગ્ર દેશ અને ગુજરાતમાં શ્રધ્ધા ભેર થઈ રહી છે ત્યારે મહીસાગર જિલ્લાના લુણાવાડા શહેરમાં આવેલ પૌરાણિક લુણેશ્વર મહાદેવ મંદિરમાં પણ કોવિડ ગાઈડ લાઈન મુજબ શિવરાત્રીની ઉજવણી ભારે શ્રધ્ધા ભેર શિવ ભક્તો શિવની આરાધના કરીને કરી રહ્યા છે વહેલી સવારથીજ શિવ ભક્તો મોટી સંખ્યામાં શિવ મંદિરમાં શિવલિંગના દર્શન કરવા ઉમટી પડ્યા છે ભક્તો શિવજીને જળ, દૂધ, શ્રીફળ, અબીલ, મધ, બિલિપત્ર, કમળ પુષ્પોના અભિષેક કરી શીવજીના દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે અને સમગ્ર દેશ અને દુનિયામાંથી કોરોના દૂર થાય તેવી ભગવાન શિવ ને પ્રાર્થના કરી રહ્યા છે.

## બોટાદના મસ્તરામ મંદિર ખાતેથી પરંપરાગત મહાશિવરાત્રીની શોભાયાત્રાનો પ્રારંભ



ચક્રવાત ટીમ બોટાદ, તા.૧૧

બોટાદમાં આવેલ મસ્તરામ મંદિર ખાતે દર વર્ષે યોજાતી પરંપરાગત મહાશિવરાત્રી શોભાયાત્રાનો પ્રારંભ પ.પુ.આત્માનંદસરસ્વતીજી, સ્વામિનારાયણ ગુરુકુળના માધવસ્વામીએ કર્યો હતો. શોભાયાત્રાના આયોજક ધીમંતભાઈ શુક્લ, નીરજ દવે, તેમજ ભૂદેવો અને હરિભક્તોએ આ શોભાયાત્રામાં હર હર મહાદેવ ના નાદથી સમગ્ર વાતાવરણ મહાદેવના નાદ સાથે ગુંજી ઉઠ્યું હતું. અને સમગ્ર નગરના ભક્તજનો આ શોભાયાત્રામાં જોડાઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે બોટાદ ખાતે આ ૪૧મી શિવયાત્રા નીકળવામાં આવેલ હતી આ શોભાયાત્રામાં નગરજનો તેમજ ભક્તજનોએ ઉલ્લાસભેર ભાગ લીધેલ હતો આ શોભાયાત્રા બોટાદના રાજમાર્ગો પર ફરી હતી.

## કોડીનાર ખાતે દિવ્ય સત્સંગ સભા યોજાઈ

### કોડીનાર તાલુકા પત્રકાર સંઘ,બ્રહ્મસમાજ દ્વારા થયું ભવ્ય આયોજન

ચક્રવાત ટીમ ઉના, તા.૧૧

કોડીનાર બ્રહ્મપુરી ખાતે ડો. મહાદેવ પ્રસાદ મહેતાની સત્સંગ સભાનું આયોજન કોડીનાર તાલુકા પત્રકાર સંઘ, કોડીનાર બ્રહ્મસમાજ અને ગીર સોમનાથ મીડિયા સેન્ટર દ્વારા કોડીનાર બ્રહ્મપુરી ખાતે થયું હતું. કોડીનારનાં લોકોએ બોહળી સંખ્યામાં ઉપસ્થિત રહી આ સત્સંગનો રસાસ્વાદ માણ્યો.પૂજ્ય શાસ્ત્રીજી ડો.મહાદેવ પ્રસાદ મહેતાએ અનોખી શૈલીમાં પૂજ્ય જલારામ બાપા અને સરજો બાઈનો ગુરુભક્તિનો રસ પીરસ્યો. ઉપનિષદને લઈને ભક્તિ કોને કહેવાય,ભક્ત કોને કહેવાય અને વિદ્યા અને અવિદ્યા શુ છે...? જીવન કેવી રીતે જીવવું. વિદ્યાનો યોગ્ય ઉપયોગ કેમ કરવો તે સમજાવ્યું



હતું. એક ચિત્તે લોકો શાસ્ત્રીજીની અદભુત વાણી સાંભળી ધન્ય બન્યા હતા.સંધ્યા સમયે યોજાયેલા આ દિવ્ય સત્સંગનો લાભ હિન્દૂ-મુસ્લિમે સાથે મળી કોમી એકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ સત્સંગ સભાનું સફળ આયોજન પત્રકાર દિનેશભાઈ જોશી, કુલદીપભાઈ પાઠક, અરવિંદભાઈ સુચક, અશોકભાઈ પાઠક, જનાર્દનભાઈ ક્રિષ્નાત્રી, રોહિતભાઈ બારડ, કૈલેશભાઈ ભટ્ટ અને અલતાફભાઈ મુગલ તેમજ બ્રહ્મસમાજ ના અગ્રણી નવીનભાઈ પંડ્યા,સંજયભાઈ જોષી, ડો.ભરતભાઈ જાની,અમુભાઈ જોશી અને બકુલભાઈ જોશી એ કર્યુ હતુ આ તકે કોડીનાર બ્રહ્મસમાજ મહિલા મંડળ ની બાળા ઓ દ્વાર શાસ્ત્રીજી નું કળશ તેમજ પુષ્પવર્ષા થી સ્વાગત કર્યુ હતું અને ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ હરિભાઈ વિઠલાણીએ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કર્યુ હતું. સત્સંગ ના અંતે વિવિધ સમાજનાં મહાનુભાવો તેમજ અગ્રણીઓ દ્વારા શાસ્ત્રીજીનું સન્માન કરવામાં આવ્યું હતું.

## પોલીસ ભરતી અંતર્ગત બાબરામાં એક દિવસીય સેમિનારનું આયોજન

ચક્રવાત ટીમ રાજુલા, તા.૧૧

આગામી દિવસોમાં ગુજરાત પોલીસમાં આવનારી ભરતી પી.એસ.આઇ. એ એસ આઈ કોસ્ટેબલ જેવી ભરતીઓમાં સફળ થવા માટે જાફરાબાદ રાજુલા ખાંભા અને આજુબાજુના ગામડાઓમાં પોલીસની તૈયારી કરતા યુવાનો/ યુવતીઓને માર્ગદર્શન મળી રહે તે માટે એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવનાર છે આ સેમિનાર રાજુલા ખાતે રાખવામાં આવશે અને સેમિનારમાં જોડવા માટે મોબાઈલ નંબર ૯૮૭૯૮ ૪૧૫૬૭ પર રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે રજીસ્ટ્રેશન કરવનાર વ્યક્તિને સેમિનાર ની તારીખ સ્થળ અને સમય ટેલીફોન રીતે જાણ કરવામાં આવશે. આ સેમિનાર મિશન પે બેક ટુ સોસાયટી પોરબંદર અને યંગ યુથ સોશિયલ વેલ્ફર ચેરીટેબલ ટ્રસ્ટ જાફરાબાદના મિત્રો તરફથી વિનામૂલ્યે કરાવવામાં આવશે આ સેમિનારમાં સફળ થયેલા અધિકારીઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે આ બાબતની પ્રેસનોટ એડવોકેટ અરવિંદભાઈ ખુમાણ કાનૂની લડાઈ સમિતિ રાજુલા ની યાદી માં જણાવવામાં આવે છે.

## જેતપુરમા શિવરાત્રી નિમિતે શિવાલય હરહર મહાદેવ નાદ ગુંજી ઉઠ્યા

ચક્રવાત ટીમ, તા.૧૧

જેતપુરમા આજે મહાસીવરાત્રી નિમિતે શિવાલય મા હર હર મહાદેવના નાદ ગુંજી ઉઠ્યા હતા જેતપુરનું અતિ પૌરાણિક મંદિર કેરાળેશ્વર મહાદેવના મંદિરમા આજ સવારથીજ ભક્તોનો પ્રવાહ ઉમટી પડ્યો હતો લોકોએ મંદિરમા દૂધ ધારા જલધારા બીલીપત્ર અને ધતુરો ચડાવેલ મંદિરના મહંત દ્વવારા આ વખતે મંદિરમા રુદ્રભિષેક, મહાભિષેક અને હોમ હવન વગેરે કોરોનાને કારણે પોગ્રામ બંધ રાખેલ મંદિર મા બપોરના બારવાગે મહાઆરતી મંદિરના મહંત દ્વવારા ઉતારેલ કોરોના રૂપી મહામારી ચાલી રહેલ હોઈ મહંત દ્વવારા ભક્તોને સૅનેટાઈઝર અને માસ્ક ફરજીયાત અમલ કરાવેલ ભક્તિઓએ પણ માસ્ક અને સેનિટાઇઝ લગાડી ભગવાન ભોળા નાથ ન્સ દર્શન કરી ધન્યતા અનુભવેલ.

## ટંકારામાં નવા બનનાર બસ સ્ટેન્ડ વાળી મિલકત અંગે મનાઈ હુકમ ફરમાવતી ટંકારા સિવિલ કોર્ટ

ચક્રવાત ટીમ ટંકારા, તા.૧૧

મોરબી જિલ્લાના ટંકારા ખાતે ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જ નવું બસ સ્ટેશન બનાવવા જાહેરાત સાથે જમીનની ફાળવણી કરવામાં આવી હતી જે મિલકત અંગે લગતા અરજદારો દ્વારા ટંકારા સિવિલ કોર્ટમાં દાવો માંડતા દાખલ નામદાર કોર્ટ દ્વારા આ દાવાના આખરી નિકાલ સુધી મનાઇ હુકમ આપવામાં આવ્યો છે.

ટંકારા રેવન્યુ સર્વે નંબર ૭૩૬ ની જમીન તાજેતરમાં જ સરકાર દ્વારા નવા બસ સ્ટેશન બનાવવા માટે ફાળવવામા આવેલ પરંતુ આ જમીનમાંથી રસ્તો નીકળતો હોવાની રજૂઆત સાથે રસ્તામાં અડચણ કે અટકાયત ન કરવા અંગે મુશરફઅલી અલ્તાફઅલી અને ચૌધરી સલીમભાઈ રસુલભાઈ દ્વારા ટંકારાની સિવિલ કોર્ટમાં એસ.ટી. કોર્પોરેશન સામે દિવાની દાવો દાખલ કરી આ દાવાના આખરે નિકાલ સુધી મનાઈ હુકમ આપવાની માંગણી કરી હતી. વધુમાં વાદીઓએ જણાવ્યું કે તેઓએ આ જમીન અવેજ ચૂકવીને ખરીદી કરેલ છે અને પોતાની જગ્યા પર દુકાનોનું બાંધકામ કરેલ છે, જો એસટી કોર્પોરેશન તરફથી આ સમગ્ર જગ્યા પર બસ સ્ટેન્ડ બનાવવામાં આવે તો તેઓની મિલકતમાં આવવા-જવા માટેનો રસ્તો બંધ થઈ જાય તેવી પરિસ્થિતિ ઉભી થાય છે.

આ દાવા અનુસંધાને ટંકારા સિવિલ જજ પુંજાણી દ્વારા બંને પક્ષોને સાંભળી અને બંને પક્ષો તરફથી રજૂ થયેલ દસ્તાવેજી પુરાવાઓને ધ્યાનમાં રાખીને વાદી મુશરફઅલી અલ્તાફઅલી અને ચૌધરી સલીમભાઈ રસુલભાઈ પોતાની મિલકતમાં અવર-જવર કરી શકે નહીં તે રીતે એસ.ટી કોર્પોરેશનની બાંધકામ કરવાની મનાઈ ફરમાવેલ છે. તેમજ આ જગ્યામાં રસ્તાનો ઉપયોગ, ઉપભોગ કરવામાં એસ.ટી. કોર્પોરેશન હરકત, અડચણ કે અંતરાફ ન કરે તે મતલબનો એસટી કોર્પોરેશન વિરુદ્ધ મનાઈ હુકમ ફરમાવ્યો છે. આ કામમાં વાદી તરફથી રાજકોટના સિનિયર એડવોકેટ આશિષ શાહએ રજૂઆતો કરી હતી.

# આજે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે પ્રથમ ટી-૨૦ : મેચ સાંજે ૭-૦૦ વાગ્યે શરૂ થશે

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૧

ટેસ્ટ શ્રેણી ૩-૧થી પોતાના નામે કર્યા પછી ટીમ ઈન્ડિયા હવે ઈંગ્લેન્ડ સામે ૧૨ માર્ચથી પાંચ ટી-૨૦ મેચની શ્રેણી જીતવા મેદાને ઊતરશે. મેચ સાંજે ૭-૦૦ કલાકે શરુ થશે. ભારતીય ટીમ જોરદાર ફોર્મમાં છે અને ટી-૨૦માં છેલ્લી સાત શ્રેણીથી અજેય છે. સાથે જ ઈંગ્લેન્ડની ટીમ પાંચ વર્ષથી ભારતને ટી-૨૦ શ્રેણીમાં હરાવી શકી નથી.



ટી-૨૦ ક્રિકેટમાં ભારતીય ટીમ છેલ્લે ૨૦૧૯માં ઓસ્ટ્રેલિયા સામે બાઈલેટરલ શ્રેણીમાં હારી હતી. ભારતમાં રમાયેલી આ સીરિઝમાં ઓસ્ટ્રેલિયાએ ૨-૦થી જીત મેળવી હતી. તે પછી ભારતે વેસ્ટ ઈન્ડિઝને ૨ વાર, જ્યારે બાંગ્લાદેશ, શ્રીલંકા, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાને ૧-૧ વાર હરાવ્યું છે. સાઉથ આફ્રિકા શ્રેણી ડ્રો રહી હતી.

ભારતીય ટીમે ઈંગ્લેન્ડને સતત બે બાઈલેટરલ શ્રેણીમાં હરાવ્યું છે. ૨૦૧૭માં ભારતમાં રમાયેલી શ્રેણી ટીમ ઈન્ડિયાએ ૨-૧થી જીતી હતી. તે પછી ૨૦૧૮માં ઈંગ્લેન્ડને તેમના ઘરઆંગણે ૨-૧થી માત આપી હતી. જો ભારત આ વખતે પણ જીતે તો ઈંગ્લેન્ડ સામે શ્રેણી જીતવાની હેટ્રિક થશે. આ માત્ર બીજીવાર હશે જ્યારે ટીમ ઈન્ડિયા ૫ ટી-૨૦ મેચની બાઈલેટરલ સીરિઝ રમશે. આ પહેલાં ભારતે ન્યૂઝીલેન્ડ સામે ૨૦૨૦ની શરૂઆતમાં ૫ મેચની શ્રેણી રમી હતી.

# આઈપીએલ શરૂ થતા પહેલાં જ આઈપીએલની ઈકોસિસ્ટમ વેલ્યૂમાં ૩.૬%નો ઘટાડો થયો

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૧

કોરોના વાયરસને કારણે પાછળું વર્ષ રમત જગત માટે ખૂબ જ પડકારજનક રહ્યું. કોવિડ ૧૯ને કારણે જ આઈપીએલની ૧૩મી સીઝનનું આયોજન સમય કરતાં ૬ મહિના વિલંબથી થયું. આ વર્ષે પણ મહામારીને કારણે આઈપીએલને ભારે નુકસાનનો સામનો કરવો પડ્યો છે. આઈપીએલની બ્રાન્ડ વેલ્યૂ વિતેલા ૬ વર્ષમાં પ્રથમ વખત ઘટી છે. ડફ એન્ડ ફેલપ્સના અહેવાલમાં ખુલાસો



કરવામાં આવ્યો છે કે આઈપીએલની ઈકોસિસ્ટમ વેલ્યૂમાં ૨૦૨૦માં ૩.૬ ટકાનો ઘટાડો નોંધાયો છે. એક અભ્યાસ અનુસાર વિતેલા વર્ષે આઈપીએલની ઈકોસિસ્ટમ વેલ્યૂ ૨૦૧૯માં ૪૭૫૦૦ કરોડ રૂપિયાની તુલનામાં આ વખતે ૪૫,૮૦૦ કરોડ રૂપિયા રહી છે, જેમાં અંદાજે ૩.૬ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. નુકસાનનો સામનો કરવામાં આઈપીએલની તમામ ટીમ સામેલ છે. એવું કહેવાય છે કે કોરોનાને કારણે ટીમોને મળનારી સ્પોન્સરશિપ પણ ઘટી છે.

નુકસાન થવાં છતાં મુંબઈ ઈન્ડિયન્સ સતત પાંચમાં વર્ષે ફ્રેન્ચાઈઝી બ્રાન્ડ રેંકિંગમાં ટોચના સ્થાન પર રહી. જોકે ૨૦૧૯ની તુલનામાં ૨૦૨૦માં મુંબઈની બ્રાન્ડ વેલ્યૂ ૫.૯ ટકા ઘટી છે. મુંબઈની બ્રાન્ડ વેલ્યૂ ૨૦૧૯માં ૮૦૯ કરોડ રૂપિયા હતી જે ૨૦૨૦માં ઘટીને ૭૬૧ કરોડ રૂપિયા રહી છે.

# વિજય હઝારે ટ્રોફી : ગુજરાતને હરાવ્યા બાદ મુંબઈ સામે ફાઈનલમાં ટકરાશે ઉત્તરાખંડ

ઉત્તરાખંડ,તા.૧૧

મુંબઈના કેપ્ટન પૃથ્વી શોએ બેટ સાથે શાનદાર દેખાવ ચાલુ રાખ્યો છે. પૃથ્વીએ વિજય હઝારે ટ્રોફીની સેમિફાઈનલમાં કર્ણાટક સામે દિલ્હીના પાલમ-છ સ્ટેડિયમમાં ૧૬૫ રન બનાવ્યા છે. તે વિજય હઝારેની એક સીઝનમાં હાઈએસ્ટ રન સ્કોરર બની ગયો છે. તેમજ તેની ઈનિંગ્સ થકી મુંબઈએ કર્ણાટકને ૭૨ રને હરાવી ફાઈનલમાં સ્થાન મેળવ્યું છે. તો બીજી સેમિફાઈનલમાં ઉત્તર પ્રદેશે ગુજરાતને



૫ વિકેટે માત આપી છે.

પૃથ્વીએ આ ઈનિંગ્સ થકી વિજય હઝારે ટ્રોફીની એક સીઝનમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. તેણે ચાલુ સીઝનમાં કુલ ૭૫૪ રન બનાવ્યા છે. અગાઉ આ રેકોર્ડ મયંક અગ્રવાલના નામે હતો. જેણે ૨૦૧૮ની સીઝનમાં ૭૨૩ રન કર્યા હતા.

ટોસ હાર્યા પછી પ્રથમ બેટિંગ કરતાં મુંબઈ ૪૯.૨ ઓવરમાં ૩૨૨ રનમાં ઓલઆઉટ થયું હતું. પૃથ્વી શોએ કપ્તાની ઈનિંગ્સ રમતાં ૧૨૨ બોલમાં ૧૭ ફોર અને ૭ સિક્સની મદદથી ૧૬૫ રન કર્યા હતા. તે સિવાય સેમ્સ મુલાનીએ ૪૫, શિવમ દુબેએ ૨૭ અને અમન ખાને ૨૫ રનનું યોગદાન આપ્યું હતું.

## અર્ધનારીશ્વર મહાદેવ....



ટીવી અભિનેત્રી એકતા જૈન મહાશિવરાત્રી નિમિત્તે અર્ધનારીશ્વર નો વેશ ધારણ કર્યો હતો. તેમ જ શિવ અને શક્તિના મિલનનો સંદેશો આપવામાં આવ્યો હતો.

# ઈંગ્લેન્ડ સામેની પ્લેઈંગ ઈલેવનમાંથી બહાર થઈ શકે છે શિખર ધવન

અમદાવાદ,તા.૧૧

ભારત અને ઈંગ્લેન્ડની વચ્ચે વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ મોટેરામાં ૫ ્૨૦ મેચની શ્રેણી રમાવા જઈ રહી છે. ટીમ ઈન્ડિયાએ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી ચોથી ટેસ્ટમાં ઈંગ્લેન્ડને ત્રીજા જ દિવસે ૧ ઈનિંગ અને ૨૫ રને હરાવ્યું હતું. આ સાથે જ ટીમ ઈન્ડિયાઁ ઝઝ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈલનમાં પહોંચી ગઈ છે. આખી આ ટેસ્ટમેચની શ્રેણીમાં રિષભ પંતે સારુ પ્રદર્શન કર્યુ હતુ. અત્યારે આ ખેલાડી ભારત માટે વિકેટ કિપર બેટ્સમેન પોતાની



કારકિર્દીના સારા પડાવમાંથી પસાર થઈ રહ્યો છે. જેથી એવી અટકળો લગાવાઈ રહી છે કે, આ વાતને ધ્યાનમાં રાખીને ૧૨ માર્ચના રોજ યોજાનારી પ્રથમ્ ૨૦ મેચમાં પણ રિષભ પંતને પ્લેઈંગ-૧૧માં સ્થાન મળી શકે તેમ છે. પરંતુ જો આમ થયું તો તેની જગ્યાએ ટીમની બહાર કયો ખેલાડી નીકળશે તે સવાલ હાલ વધારે ચર્ચાઈ રહ્યો છે. શું પંત ૪ નંબર પર રમશે? તે પણ ચર્ચાનો વિષય છે.

# સની લિયોનીએ ફિલ્મો પસંદ કરવાને લઈ કર્યો મોટો ખુલાસો



(જી.એન.એસ.)મુંબઈ,તા.૯

બોલિવુડ અભિનેત્રી સની લિયોનીએ ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં પોતાની કેરિયરની શરૂઆત વિવાદાસ્પદ રિયાલિટી શો બિગ બોસથી કરી હતી. સની લિયોની પોતાના ક્યુટ અંદાજ અને બબલી નેચરના લીધે બિગ બોસમાં ખૂબ લોકપ્રિય રહી. શોની શરૂઆતમાં કંટેસ્ટેંટસને વાતની માહિતી નહોતી કે સની લિયોની કોણ છે અને તેનું પ્રોફેશનલ બેકગ્રાઉન્ડ શું છે. શોમાં એક ટાસ્ક દરમ્યાન સનીએ એ વાતનો ખુલાસો કર્યો હતો કે તેઓ એડલ્ટ ફિલ્મોની અભિનેત્રી છે. ત્યારબાદથી અભિનેત્રીએ કયારેય પાછું ફરીને જોયું નથી.

તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં સની લિયોનીએ કહ્યું હતું કે તેમની કેવી રીતે મુલાકાત થઈ અને કેવી રીતે ડેનિયલ વીબર અને સનીના અન્ય પોર્ન સ્ટાર્સની સાથે એડલ્ટ ફિલ્મો શુટ કરવાને લઈ અસહજ મહેસૂસ કરતાં હતા. તેમના પતિ ડેનિયલને તેમનું આ રીતે કામ કરવાનું ખૂબ જ પસંદ નહોતું. સનીએ કહ્યું કે તે મને સમજતા હતા અને મારા માટે ખૂબ સપોર્ટિવ હતા. એટલે સુધી કે મને અન્ય પુરુષોની સાથે પોર્ન ફિલ્મોમાં કામ કરતાં જોઈ અસહજ મહેસૂસ કરતા હતા. તેઓ મારા આ કામથી ખુશ નહોતા. ત્યારબાદ તેમણે મારી સાથે કામ કરવાનું શરૂ કર્યું અને અમે અમારી પોતાની કંપની શરૂ કરી.

સની લિયોની અને પોતાના પતિની મુલાકાત અંગે કહ્યું કે અમારી મુલાકાત વેગાસની એક કલબમાં ડેનિયલની એક બેંડ મેટ દ્વારા થઈ હતી. તેઓ (ડેનિયલ) કહે છે કે તેમને પહેલી નજરે જ મારી સાથે પ્રેમ થઈ ગયો હતો. જો કે મારી સાથ આવું થયું નહોતું કારણ કે અમે થોડીઘણી જ વાતો કરી હતી. સનીએ કહ્યું કે કેવી રીતે ડેનિયલે તેનો કોન્ટેક્ટ નંબર અને ઈમેલ આઈડી કઢાવી લીધું હતું. સનીએ કહ્યું કે નંબર હોવા છતાંય ડેનિયલ મને ઈ-મેલ કરતા હતા. ફિલ્મો હોય કે રિયાલિટી શો સની લિયોની પોતાના કિલર ડાન્સ મુવ્સ અને અંદાજ-એ-બયાંના લીધે ખૂબ ઝડપથી હિટ થઈ ગઈ. બિગ બોસ ૫ બાદ સની લિયોનીએ કેટલાંય મ્યુઝિક વીડિયો અને ફિલ્મોમાં કામ કર્યું.

# ટ્વિંકલ ખન્નાનું ટ્વીટ સોશિયલ મીડિયામાં વાયરલ-'હું મારી દીકરી માટે સારી માતા નથી'

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૦

બોલિવૂડના ખેલાડી કુમાર એટલે અક્ષય કુમારની પત્ની ટ્વિંકલ ખન્ના હંમેશા પોતાના મજેદાર સેંસ ઓફ હ્યૂમર માટે ઓળખાય છે. ટ્વિંકલ ખન્ના ભલે ફિલ્મોની દુનિયાથી દૂર હોય પરંતુ તે હંમેશા ચર્ચામાં રહે છે. ક્યારેક તે પોતાના અલગ લુકથી ચર્ચામાં રહે છે તો ક્યારેક તે પોતાની પોસ્ટના કારણે ખબરોમાં આવે છે. આ વખતે પણ એક રસપ્રદ ટ્વીટ બાદ તે સોશિયલ મીડિયામાં સતત ચર્ચામાં છે.

ખરેખર ટ્વિંકલ ખન્નાએ ટ્વીટ કર્યું છે જેમા તેણે લખ્યું,'કેવી રીતે જાણી શકાય કે તમે એક ભયાનક માતા છો?' ટ્વિંકલનું આ ટ્વીટ ખુબ જ ઝડપી સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યું છે. જેના પર પ્રશંસકો ખાસ કરીને મહિલાઓ જે એક માતા છે, ખુબ જ કોમેન્ટ કરી રહી છે. એક યૂઝરે ટ્વીટના જવાબમાં લખ્યું કે કોઈ મા પોતાને ક્યારેય પરફેક્ટ નથી માનતી. પરફેક્ટ આજના સમયમાં એક ભ્રમ બની ગયો છે. આ જવાબ પર પણ લોકો ખુબ જ પ્રતિક્રિયાઓ આપી રહ્યા છે. ટ્વિંકલ ખન્ના હંમેશા પોતાના બાળકો આરવ અને નિતારા સાથે મસ્તીભર્યા વીડિયો અને તસવીરો પોસ્ટ કરતી રહે છે. થોડા દિવસો પહેલા પણ અભિનેત્રીએ દીકરી નિતારા સાથે એક તસવીર શેર કરી હતી. જેમા બંન્ને પુસ્તક વાંચતી નજર આવી રહી છે.

# બોલિવૂડમાં, અભિનેત્રીઓ હંમેશાં તેમના રંગ, દેખાવ અને કપડાં માટે ટ્રોલ કરાય છે : અનાન્યા પાંડે



(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૦

બોલિવૂડ એક્ટ્રેસ અનન્યા પાંડે સોશિયલ મીડિયા પર ઘણી એક્ટિવ રહે છે. તે હંમેશાં તેના ફોટા અને વીડિયો પોસ્ટ કરે છે. જો કે, જ્યાં ચાહકોને કેટલીકવાર તેમની તસવીરો ગમતી હોય છે, તો કેટલીક વખત ખૂબ ટ્રોલ કરવામાં આવે છે. 'સ્ટુડન્ટ ઓફ ધ યર ૨' સાથે બોલિવૂડમાં પ્રવેશ કરી ચૂકેલી અનન્યા મોટાભાગના યુઝર્સના નિશાને છે. જોકે, ઘણી વખત અનન્યા પાતળા હોવાને કારણે ટ્રોલ થઈ છે, જેના પર અભિનેત્રીએ પ્રતિક્રિયા આપી છે. બોલિવૂડમાં, અભિનેત્રીઓ હંમેશાં તેમના રંગ, દેખાવ, વજન અને કપડાં માટે ટ્રોલ કરવામાં આવે છે.

આ યાદીમાં અનન્યા પાંડેનું નામ પણ સામેલ છે, જે ઘણીવાર તેના પાતળા શરીર અંગે ટીકાઓનો ભોગ બને છે. અનન્યાએ કહ્યું કે તેના શરીરની તુલના છોકરાની સાથે કરવામાં આવી હતી. યુઝર્સે કહ્યું કે તેના શરીરને જોતા તેનામાં કોઈ મહિલા જેવી વાત ન હતી. અનન્યાએ કહ્યું કે, 'મને ચોક્કસ સમય યાદ નથી પરંતુ મારી એક તસવીર ખૂબ વાયરલ થઈ હતી, જેમાં હું મારા માતા-પિતા સાથે જોવા મળી હતી. તે સમયે મેં ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કર્યું ન હતું. તે સમયે હું પાતળી હતી અને તે જોવા માટે ગઈ હતી કે હું એક છોકરા જેવી લાગું છું, એકદમ સપાટ. અનન્યાએ કહ્યું, 'તે સમયે આવી વાતો સાંભળીને તે ખૂબ જ દુખી હતી, કારણ કે તે તે સમય જ્યારે તમે તમારામાં વિશ્વાસ જગાડતા હો.

તે સમયે, તમે તમારી જાતને પ્રેમ કરવાનું શીખી રહ્યાં છો, આવી સ્થિતિમાં જ્યારે કોઈ તમારા વિશે આવું કહે છે, ત્યારે તમે તમારામાં વિશ્વાસ ગુમાવવાનું શરૂ કરો છો. જો કે, હવે હું એવા સ્તરે પહોંચી રહ્યો છું જ્યાં હું મારી જાતને સંપૂર્ણ સ્વીકારું છું. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો અનન્યા પાંડે છેલ્લે ઈશાન ખટ્ટરની ફિલ્મ ખાલી પિલીમાં જોવા મળી હતી. આ પછી અનન્યા વિજય દેવરકોંડા સાથે ફિલ્મ 'લાઈગર' માટે શૂટિંગ કરવાની તૈયારી કરી રહી છે. તે જ સમયે, અન્યાને પણ ઝોયા અખ્તરની ફિલ્મમાં મહત્વપૂર્ણ ભૂમિકા મળી છે, પરંતુ તેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

### પર્યાવરણને ધ્યાનમાં રાખીને ઈલેક્ટ્રિક બસો વધુ દોડાવવામાં આવશે

# સુરત મનપાનું ૨૦૨૧-૨૨નું ૬૫૩૪ કરોડનું બજેટ જાહેર

**નવા ભળેલા ડ્રેનેજ, પાણી, રસ્તા અને બ્રિજની સુવિધા ઉભી કરાશે, આરોગ્યને લઈને સ્મીમેરની કેપેસિટીની સાથે હેલ્થ સેન્ટર વધારાશે**

(જી.એન.એસ.)સુરત,તા.૧૧

સુરત મહાનગર પાલિકાનું નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧નું રીવાઈઝડ બજેટ અને વર્ષ ૨૦૨૧-૨૨નું ડ્રાફ્ટ બજેટ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધી પાની સ્થાયી સમિતિની મંજૂરીની અપેક્ષાએ રજૂ કર્યું છે.બજેટનું કદ રૂા.૬૫૩૪ કરોડનું રહ્યું છે. જે ગત વર્ષે ૬૧૦૦ કરોડનું બજેટ હતું. નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ કોરોના કાળમાં જ નીકળી જતાં વિકાસ કામો થઇ શક્યા નથી. વર્ષ ૨૦૨૦-૨૧ના બજેટમાં વિકાસ કામો પાછળ ૨૭૭૫ કરોડના ખર્ચનો અંદાજ મુકાયો હતો. જેની સામે અત્યાર સુધીમાં માત્ર ૧૫૦૦ કરોડના જ કામો થયા છે. ૨૦૨૧-૨૨નું ડ્રાફ્ટ બજેટમાં પાલિકાના હદવિસ્તરણથી સમાવાયેલા નવા વિસ્તારોમાં ડ્રેનેજ, પાણી, રસ્તા અને બ્રિજની પ્રાથમિક સુવિધાઓ ઉભી કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. સાથે આરોગ્યને લઈને પણ પાલિકા દ્વારા સ્મીમેરની કેપેસિટીની સાથે સાથે નવા હેલ્થ સેન્ટર વધારવાની વાત કરવામાં આવી છે.કોઈ વેરા વધારવામાં ન આવ્યા હોવાનું કહીને પાલિકા કમિશનરે બજેટને લોકોનું બજેટ ગણાવ્યું હતું.



પાલિકા કમિશનર દ્વારા રજૂ કરવામાં આવેલા ડ્રાફ્ટ બજેટમાં રેવન્યુ આવક ૩૩૬૬ કરોડનો અંદાજ રાખવામાં આવ્યો છે. પાલિકામાં નવા સમાવિષ્ટ થયેલા વિસ્તારમાં ૧૪૦ કરોડના ખર્ચે ડ્રેનેજ,પાણી, રસ્તા અને બ્રિજ બનાવવામાં આવશે. સાથે જ શાળા, ગાર્ડન, હેલ્થ સેન્ટર અને લાઈટ સહિતના ખર્ચા કરાશે.આ સાથે રિવરફ્રન્ટના પ્રોજેક્ટને પણ આગળ ધપાવવામાં આવશે તેમ ડ્રાફ્ટ બજેટમાં કહેવામાં આવ્યું છે. તાપી શુદ્ધિકરણ પ્રોજેક્ટ પાછળ ૯૭૧ કરોડ રૂપિયાનો ખર્ચ કરીને ૩૬ મહિનામાં કામ પૂરૂં કરવાનો પણ અંદાજ મૂકવામાં આવ્યો છે. સુરત મહાનગર પાલિકા દ્વારા કોરોના કાળમાં થયેલી કામગીરીમાંથી બોધપાઠ લઈને આરોગ્ય પાછળ ૩૯૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે. તેમજ સ્મીમેર હોસ્પિટલમાં ૨૫૦ બેડની સુવિધા ઉભી કરવામાં આવશે. તેમજ ૩૨ અર્બન હેલ્થ સેન્ટર શરૂ કરાશે. શહેરમાં ૫૦ હજારની વસ્તીએ ૧ હેલ્થ સેન્ટર ઉભું કરવાની જોગવાઈ કરવામાં આવી છે. સાથે જ વેક્સિનેશનની ઝડપથી કામગીરી થાય તે માટે પણ અલગથી ખર્ચ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. સુરત શહેર વિસ્તારમાં સમાવિષ્ટ પાંચ ઝોન ખાતે એર ક્વોલિટી મોનિટરીંગ સ્ટેશનની સ્થાપના કરવામાં આવશે. સેન્ટ્રલ, ઈસ્ટ, વેસ્ટ, સાઉથ, સુડા અને એસએમસીનાં વિવિધ વિસ્તારના ગાર્ડન ડેવલોપમેન્ટનાં પ્રોજેક્ટ બનાવવામાં આવશે. શહેરમાં હવાનું પ્રદૂષણ ઘટાડવા માટે ટ્રાફિકનું ભારણ ઘટાડવા આઉટર રીંગ રોડનું બાંધકામ, રોડ અને બ્રિજ પહોળા કરવાના પ્રોજેક્સ, મલ્ટી લેવલ પાર્કિંગ પ્રોજેક્ટને સૂચવવામાં આવ્યા છે.

# કાંકરેજ-શિહોરી હાઈ-વે પર બસ પલ્ટી મારતા બાળકનું મોત, સાતની હાલત ગંભીર

(જી.એન.એસ.)પાલનપુર,તા.૧૧

ગુજરાતમાં રોજબરોજ અકસ્માતની ઘટનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે આજે બનાસકાંઠા માટે ગુરૂવાર અપશુકનિયાળ સાબીત થયો છે. બનાસકાંઠા જિલ્લામાં કાંકરેજ-શિહોરી હાઈવે પર લકઝરી બસ પલ્ટી ખાતા અકસ્માતની ગોઝારી ઘટના સામે આવી છે. આ ગમખ્વાર અકસ્માતમાં બે વર્ષના બાળકનું મોત થયું છે, જ્યારે સાત મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચી છે. બનાસકાંઠા જિલ્લામાં અકસ્માતોમાં દિન-પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. ત્યારે આજે કાંકરેજ તાલુકાના થરા-સિહોરી હાઈવે પર અંબાજી મંદિર નજીક અચાનક લકઝરી બસના ચાલકે



સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા બસ પલ્ટી ખાઈ ગઈ હતી. બસ પલટી ખાતા સર્જાયેલ અકસ્માતમાં બે વર્ષના બાળકનું ઘટના સ્થળે કરુણ મોત નીપજ્યું હતું અને અન્ય સાત જેટલા મુસાફરોને ગંભીર ઈજા પહોંચી હતી.

અકસ્માતની જાણ થતાં જ આજુબાજુના લોકો, ૧૦૮ એમ્બ્યુલન્સ વાનની ટિમ અને સ્થાનિક પોલીસ ઘટના સ્થળે આવી પહોંચી હતી અને ઈજાગ્રસ્ત લોકોને સારવાર માટે નજીકની હોસ્પિટલ ખાતે ખસેડી રાહત કામગીરી શરૂ કરી હતી.

# આટકોટમાં બિલ વગરના યુરિયા ખાતરની ૫૦ થેલી ઝડપાઇ : એક શખ્સની ધરપકડ

(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૧

આટકોટ વિસ્તારમાંથી ગ્રામ્ય એસઓજીએ બાતમીના આધારે બિલ વગરના શંકાસ્પદ યુરીયા ખાતરની ૫૦ થેલી ભરેલી યુટિલિટી સાથે કોટડાસાંગાણીના શખ્સને ઝડપી પાડી હતી. ૧૩ હજારની કિંમતનો યુરીયા ખાતરનો જથ્થો કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

રાજકોટ ગ્રામ્ય એસઓજી પીઆઇ એ.આર.ગોહીલ તથા પીએસઆઇ એચ.એમ.રાણાના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ જસદણ-આટકોટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. દરમિયાન જસદણથી આટકોટ તરફ આવતી યુટિલિટીમાં બિલ વગરનો શંકાસ્પદ યુરીયા ખાતરનો જથ્થો ભરેલો હોવાની બાતમીના આધારે આટકોટમાં જસદણ ચોકડી પાસે વોચ ગોઠવી હતી.



જસદણ ચોકડીએ પસાર થતી મહિન્દ્રા મેક્સી યુટિલિટીને રોકી તેના ચાલક વિજય મેરુભાઈ ચોરીયા પાસે ગાડીમાં ભરેલા ખાતરના આધાર પુરાવા કે બિલ રજૂ કરવાનું કહેતાં તેની પાસે કોઈ આધાર પૂરાવા ન હોવાથી પોલીસે ગાડીમાં ભરેલો કૃમિકો યુરીયાનો ૪૫ કિગ્રાની ૫૦ થેલી તથા યુટિલિટી મળી કુલ રૂ. ૩,૧૩,૩૨૫નો મુદામાલ કબ્જે કર્યો હતો. ચાલક વિજય મેરુ ચોરીયા વિરૂદ્ધ ગુનો નોંધી તેની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કોરોનાના કેસો વધતા હાઈકોર્ટ લાલઘૂમ : લોકો સાવધાની નહીં વર્તે તો લોકડાઉનની ચીમકી

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૧

ગુજરાતમાં ફરી કોરોનાના વધી રહેલા કેસોને પગલે હાઈકોર્ટે લોકો બેદરકારી નહીં છોડે તો રાજ્યમાં ફરી લોકડાઉન લાગવાની ચીમકી આપી છે. હાઈકોર્ટે વધતા કોરોના અંગે ચિંતા વ્યક્ત કરી રાજ્ય સરકારને પરિસ્થિતિ વણસી શકે તો સજજ રહેવાની તાકીદ કરી છે. વધુમાં કોવિડ સમર્થિત હોસ્પટલોમાં પથારીઓ સહિત પુરતા પ્રમાણમાં સુવિધા રાખવાનો આદેશ પણ કર્યો છે.

કોરોના મુદ્દે હાઈકોર્ટે સુઓમોટો નોંધમાં આ આદેશ કરાયો છે.હાઈકોર્ટે તેના આદેશમાં નોંધ્યું છે કે, કોરોના સંદર્ભે લોકોનું લાપરવાહી ભર્યું વલણ કે બેદરકારી ચિંતાજનક છે. જેના લીધે,



રાજ્ય સરકારે ફરી એકવાર લોકડાઉન અમલમાં મુકવું પડે તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. આ કેસની વધુ સુનાવણી નવ એપ્રિલે હાથ ધરાશે.

કોરોનાની હાલની સ્થિતિને લઈ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટીસ જે.બી.પારડીવાલાની બેન્ચે સરકારને સૂચનો કર્યા છે. તેમને જણાવ્યું હતું કે, ગુજરાતમાં ચૂંટણી બાદ કોરોનાનો કહેર વધી શકે છે, જેથી સરકાર આ સામનો કરવા માટે રાજ્ય સરકાર પૂરતી તૈયારી સાથે સજજ રહે. રાજ્ય સરકાર કોવિડ હોસ્પિટલની સુવિધા પૂરતા પ્રમાણમાં રાખે.

આ સાથે સાથે હાઈકોર્ટ દ્વારા કહેવામાં આવ્યું ક, આ વાયરસ ફેલાવા મત લોકોનું બેદરકારી વલણ ચિંતાજનક છે. જેના લીધે રાજ્ય સરકારે ફરી એકવાર લૉકડાઉન કરવું ન પડે તે માટે માસ્ક પહેરવા સહિતના કડક કાયદાઓનું પાલન લોકો પાસે કરાવવું જોઈએ.

આપને જણાવી દઈએ કે, રાજ્યમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં નેતાઓ દ્વારા કરવામાં આવેલા પ્રચાર પ્રસાર બાદ કોરોનાના કેસો ખુબ વધી રહ્યા છે અને રાજ્યમાં ફરીથી કોરોના ફરીથી વિફરી રહ્યો છે.

# મગફળી કૌભાંડ ભાજપ અને મંત્રીઓની મીઠી નજર હેઠળ ચાલે છે : પરેશ ધાનાણી

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૧૧

ગુજરાત વિધાનસભામાં મગફળીની ખરીદી અંગે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને વિપક્ષના નેતા પરેશ ધાનાણી વચ્ચે ઉગ્ર ચર્ચા થઈ હતી. વિધાનસભાના પ્રશ્નકાળ દરમિયાન પરેશ ધાનાણીએ આ મુદ્દો ઉઠાવ્યો અને કહ્યું કે, ખરીદી કેન્દ્રો પરથી ખેડૂતોને તેમ કહીને કાઢી મુકવામાં આવે છે કે, તેઓ જે મગફળી વેચવા માટે આવ્યા છે તેમાં મોટા પ્રમાણમાં કાંકરા છે.

પરેશ ધનાણીએએ કહ્યું કે, ખરીદી નહી થવાના કારણે ખેડૂતો પછી તેને પરત નથી લઈ જતા અને યાર્ડ પર જ જે પણ ભાવ આવે તેમાં વેચવા માટે મજબુર બને છે. જેનો ભરપુર ફાયદો વચેટિયાઓ ઉઠાવે છે અને પાણીના ભાવે ખેડૂતોની જણસ ખરીદીને ખુબ જ ઉંચા ભાવે ખરીદે છે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે, તમે (ભાજપ) આ મગફળી કૌભાંડમાં સંડોવાયેલા છો.

કોંગ્રેસ દ્વારા લગાવાયેલા આ આરોપોનું ખંડન કરતા ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું કે, ખેડૂતો દ્વારા ખરીદી અંગે કોઈ ફરિયાદ કરવામાં આવી નથી. તેમણે દાવો કર્યો કે લાખો ખેડૂતો દ્વારા પોતાના પાકને વેચવામાં આવ્યો છે. એમએસપીની રકમ સીધી જ ખેડૂતના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી છે. આ ઉપરાંત તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર નહી પરંતુ સીધી કેન્દ્ર સરકારની એજન્સી નાફેડ દ્વારા ખેડૂતોની ઉપજ ખરીદવામાં આવે છે. પરંતુ ખેડૂતો મુદ્દે કોંગ્રેસ દ્વારા તો માત્ર રાજનીતિ જ કરવામાં આવી રહી છે.

# રાજકોટમાં તસ્કરો બેફામ : એક જ રાતમાં ૭ દુકાનોના તાળાં તોડી ચોરીનો પ્રયાસ

(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૧

રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના દેરડીકુંભાજી ગામે ફરી એક વખત ચોરીની ઘટના સામે આવી છે. જેના કારણે ગ્રામજનોમાં રોષની લાગણી ફેલાયેલી જોવા મળી રહી છે. પ્રાપ્ત માહિતી અનુસાર રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાના દેરડીકુંભાજી ગામે તસ્કરોએ તરખાટ મચાવ્યાની ઘટના સામે આવી છે. તસ્કરોએ એક જ રાત્રિમાં એક-બે નહીં પરંતુ ૭ જેટલી દુકાનોના શટર તોડીને ચોરીનો પ્રયાસ કર્યો હોવાની ઘટના સામે આવી છે. જે સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ પણ થવા પામી છે.

ગોંડલના દેરડીકુંભાજી ગામે આવેલી હોટલ સોમનાથ, ખોડીયાર ઓટો ઈલેક્ટ્રિક, જલારામ ઓટો કન્સલ્ટ, ધનલક્ષ્મી લેમિનેશન ડોર, ઉમા મોટર



રિવાઈન્ડિંગ, કુળદેવી રોલિંગ શટર નામની દુકાનોના તસ્કરોએ શટર તોડી ચોરીનો પ્રયાસ કર્યો હોવાની ઘટના સામે આવી છે.

ચોરીની ઘટના સીસીટીવીમાં કેદ થતા ચાર જેટલા તસ્કરો કયા પ્રકારે ચોરી તેમજ ચોરીના પ્રયાસની ઘટનાને અંજામ આપે છે તે જોઈ શકાય છે. સીસીટીવી ફૂટેજમાં જોઈ શકાય છે કે 'ભૂખ્યા' તસ્કરોએ દુકાનમાંથી નમકીન પણ ચોરવાનું છોડ્યું નથી. સમગ્ર મામલાની જાણ ગોંડલ તાલુકા પોલીસને થતા પોલીસનો કાફલો ઘટના સ્થળ પર પહોંચ્યો હતો. હાલ ગોંડલ તાલુકા પોલીસ દ્વારા જરૂરી પંચનામાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. કઈ દૂકાનમાંથી કેટલા રૂપિયા સહિતની મત્તાની ચોરી થવા પામી છે તે અંગે દુકાન માલિકોના નિવેદન પણ નોંધવામાં આવી રહ્યા છે.

# રણોત્સવ પાછળ બે વર્ષમાં ૧૪ કરોડના ખર્ચની સામે આવક માત્ર નવ કરોડ

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૧૧

રાજ્ય સરકાર કચ્છમાં મીઠાના લેયરથી સફેદ દેખાતાં નાના રણમાં શિયાળા દરમિયાન વડા પ્રધાન મોદીએ શરૂ કરાવેલાં રણોત્સવનું આયોજન દર વર્ષે કરે છે. રાજ્ય સરકારે પણ એની જાહેરાતો, ઉદ્ઘાટન સમારંભો પાછળ દર વર્ષે તગડો ખર્ચો કરે છે. સરકારને જે રોયલ્ટી મળે છે, એ રકમ ઘણી ઓછી હોય છે. સરકારે બે વર્ષમાં તેને રોયલ્ટી પેટે થયેલી આવકનાં આંકડા જાહેર કર્યાં છે.

જે મુજબ સરકારને ૨૦૨૦માં ૪.૮૨ કરોડની અને ૨૦૧૯માં ૪.૬૨ કરોડની જ રોયલ્ટી પેટે આવક થઈ છે. આની સામેસ રકારે ૨૦૨૦માં ૮.૬૬ કરોડ રૂપિયાનો ખર્ચ અને ૨૦૧૯માં ૫.૧૨ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો.



રણોત્સવ દ્વારા સ્થાનિક ધોરણે રોજગારીનું પણ મોટાપાયે નિર્માણ થયું હોવાના સરકાર દાવા કરતી રહે છે. પરંતુ આ સંદર્ભે વિધાનસભામાં ધારાસભ્યોની પૃચ્છામાં સરકારે એવું જણાવ્યું છે કે સ્થાનિક ધોરણે કેટલી રોજગારી રણોત્સવ દ્વારા ઉભી થઈ તેનું કોઈ મૂલ્યાંકન ઉક્ત બે વર્ષમાં કરવામાં આવ્યું નથી.

# ૧૭મેના રોજ કેદારનાથના તો ૧૮મેથી બદ્રિનાથના કપાટ ખોલવામાં આવશે

(જી.એન.એસ.)દહેરાદૂન,તા.૧૧

કરોડો હિન્દુઓની આસ્થાના પ્રતિક સમા ભગવાન કેદારનાથ ધામના કપાટ ૧૭મેથી ખુલી રહ્યા છે. ગત વર્ષે ૧ લાખ ૩૫ હજાર ૨૩ શ્રદ્ધાળુએ કેદારનાથ ધામના દર્શન કર્યા હતા.

ઉત્તરાખંડ ચાર ધામ દેવસ્થાનમ પ્રબંધન બોર્ડે આ જાણકારી આપી છે. ૧૭મેના રોજ કેદારનાથ ધામના તો બીજી તરફ ૧૮મેએ બદ્રીનાથ ધામના પણ કપાટ ખુલશે. કેદારનાથ ધામના કપાટ પરંપરા અનુસાર વૈદિક ઉચ્ચારણ સાથે ૬ મહિના માટે બંધ કરવામાં આવ્યા હતા. વરસાદ અને હિમવર્ષાના કારણે વિશ્વ પ્રસિદ્ધ ૧૧મા જ્યોતિર્લિંગ ભગવાન કેદારનાથ ધામના કપાટ ભાઈ બીજના અવસર પર બંધ કરવામાં આવ્યા હતા. ગત



વર્ષે ૧ લાખ ૩૫ હજાર ૨૩ ભક્તોએ કેદારનાથ મંદિરના દર્શન કર્યા હતા.

ઉત્તરાખંડના ચમોલી ગઢવાલ જિલ્લામાં સ્થિત ચારધામોમાંથી એક બદ્રીનાથના કપાટ પણ ૧૮મેના રોજ સવારે ખોલી દેવામાં આવશે. વસંત પંચમીના અવસરે નરેન્દ્રનગર રાજ મહેલમાં મંદિરના કપાટ ખોલવાના મુહૂર્તની જાહેરાત કરવામાં આવી હતી. ૧૮ મેએ સવારે ૪.૧૫ વાગે બદ્રીનાથ મંદિર પણ ભક્તો માટે ખુલ્લુ મુકવામાં આવશે.




# ગુજરાતમાં તાપમાનનો પારો ઉંચકાશે : ૧૪ માર્ચથી તાપમાન ૪૦ ડિગ્રી સુધી પહોંચશે

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૧

શિયાળાની વિદાય સાથે જ હવે કાળઝાર ગરમીની શરૂઆત થઈ ગઈ છે. આ વર્ષે ગુજરાતીઓએ પ્રચંડ ગરમી સામનો કરવો પડશે. કારણ કે આગામી દિવસોમાં આકાશમાંથી અંગારા વરસવાના છે.

હવામાન વિભાગે ૧૪ માર્ચથી મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીએ પહોંચવાની આગાહી કરી છે. માર્ચ મહિનાની શરૂઆતથી જ તાપમાન વધવાનું શરૂ થઈ ગયું છે. દિવસેને દિવસે ગરમીનો પારો ઉંચો જઈ રહ્યો છે. રાજ્યના કેટલાક શહેરોમાં તાપમાન વધીને પારો ૩૩ ડિગ્રીએ પહોંચી ગયો છે. આજે ડીસામાં



૩૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. તો અમદાવાદ, સુરત, વડોદરા, ભૂજ, ગાંધીનગર, ભાવનગરમાં ૩૩ ડિગ્રી તાપમાન નોધાયું છે. જો કે આગામી ચાર દિવસ બાદ ગરમીનો પારો ૪૦ ડિગ્રીએ પહોંચીને તેનું અસલી સ્વરૂપ દેખાડશે. ગરમી વધવાની સાથે જ લોકો તાપથી બચવા માટે એસીની ખરીદી કરી રહ્યા છે. શિયાળા અને ચોમાસામાં કરતા હાલમાં ત્રણ ગણા એસીનું વેચાણ વધી ગયું છે. એક બાજુ ભારે તાપ તો બીજી બાજુ તાપથી બચવા માટે અલગ અલગ કમ્પનીઓ એસી પર ઓફર પણ આપી રહી છે. જેમ જેમ ગરમીનો પારો ઉંચો જતો જશે તેમ તેમ એસીના વેચાણમાં પણ વધારો થશે.

# રાજ્યમાં એક જ દિવસમાં બે બાળકોના બાળહઠના કારણે આપઘાત

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૧

લોકો સામાન્ય વાતમાં માઠું લગાડીને આપઘાત કે આપઘાતનો પ્રયાસ કરતા હોય છે. માઠું લાગવાની પરાકાષ્ઠા સમાન બે કિસ્સા રાજ્યમાં સામે આવ્યા છે. જેમાં એક બનાવમાં એક ૧૧ વર્ષના બાળકે પિતાએ પેપ્સી ન પીવડાવતા આપઘાત કરી લીધો છે. બીજા બનાવમાં એક યુવકે પિતાએ માવો ખાવા માટે પૈસા ન આપતા માઠું લાગતા આપઘાતનો પ્રયાસ કર્યો છે. આ બંને બનાવો સમાજ માટે ખરેખર ચિંતા સમાન છે. પ્રથમ બનાવ પાટણના સિદ્ધપુર ખાતે બન્યો છે, જ્યારે બીજો બનાવ અમરેલીના ખાંભા ખાતે બન્યો છે. અમરેલીના ખાંભાના હંસાપરા વિસ્તારમાં એક યુવકે પિતાએ માવો ખાવા માટે પૈસા ન આપતા આપઘાતનો પ્રયાસ કર્યો હતો.મળતી માહિતી પ્રમાણે હંસાપરામા રહેતા કમલેશ નામના યુવકને પિતાએ ૧૦ રૂપિયા ન આપતા કમલેશે ઝેરી દવા પી લીધી હતી. હાલ યુવકને સારવાર માટે ખસેડવામાં આવ્યો છે.

પાટણના સિદ્ધપુરમાં એક ૧૧ વર્ષના બાળકે પિતાએ પેપ્સી લેવા માટે પૈસા ન આપતા આપઘાત કરી લીધો છે. દીકરાની તબિયત સારી ન હોવાથી પિતાએ તેને પેપ્સી માટે પૈસા આપ્યા ન હતા. જે બાદમાં દીકરાએ ઘરનો દરવાજે બંધ કરીને પંખા સાથે દોરી બાંધીને આપઘાત કરી લીધો હતો. આ વાતની જાણ થતાં જ પિતાએ તેને તાબડતોબ હૉસ્પિટલ ખસેડ્યો હતો. જોકે, ડૉક્ટરોએ બાળકને મૃત જાહેર કર્યો હતો.

Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)